

GJ 891.474
B 469 S

# સાને ગુરુજી

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

આધુનિક મહારાષ્ટ્રના સંત

# સાને ગુરુજીની અમર જીવનગાથા

Sheel Bhadra


• મૂળ લેખક •

"શીલભદ્ર"

• અનુવાદક •

પુરુષોત્તમ ગણેશ માવળંકર



જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર

મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

પ્રકાશક :
મનુ પંડિત, જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર
૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ,
મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

GJ
891.474
B 469 S

પ્રથમ આવૃત્તિ : [illegible]
ઓક્ટોબર [illegible]
બીજી આવૃત્તિ : ૧૪ ફેબ્રુઆરી, ૧૯૯૯
નકલ : એક હજાર

Acc. No. 130211
Date 6-9-2010
SHIMLA

કિંમત રૂપિયા દસ : સત્સાહિત્ય પ્રચારાર્થે

"હું જ્યારે રડતો હતો, ત્યારે સૌ હસતા હતા;
અને હું જ્યારે હસતો હતો
એવો જીવનમંત્ર જેમના જીવન
ગુરુજીને જીવનસ્મૃતિ સ્વાધ્યાય
વંદના પાઠવે છે.

Library IIAS, Shimla
GJ 891.474 B 469 S
00130211

ટાઈપસેટીંગ :
**પૂજા લેસર,**
એ-૨૧૫, બી.જી. ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ. ફોન : ૫૬૨૬૯૮૨

મુદ્રક :
**વિપુલ પ્રિન્ટર્સ**
અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# 'બે ફૂલ'

૧૯૩૦માં રાષ્ટ્રીય લડત ઊપડી ત્યારે અમલનેરની વહાલસોઈ શાળા છોડતાં સાને ગુરુજીએ ત્યાંના મિત્રો પ્રત્યેની કૃતજ્ઞતાના પ્રતીક તરીકે દરેકના ઘરનાં પગથિયાં પર બબ્બે ફૂલ મૂક્યાં હતાં. પોતે જ વત્સલ હૃદયની સેવા રેલાવોને સ્નેહના અનેક તાંતણે સૌની સાથે બંધાવું અને પળવારમાં, ક્યાંકથી હાકલ સંભળાઈ કે તરત, બધું છોડીને ચાલી નીકળવું એ સંતજનોને માટે કાંઈ નવાઈનું છે ? સાને ગુરુજી દીનદલિત ભારતવાસીઓની સેવામાં ઓતપ્રોત હતા. કોણ જાણે શોય અંતરનાદ સંભળાયો અને સન્ધ્યાકાશનાં રમતિયાળ વાદળો સાથે રમણે ચડેલા એમના હૃદયે જગતની વિદાય લેવાનું યોગ્ય ધાર્યું. જતાં જતાં સૌ ભારતવાસીના હૃદયઉંબર ઉપર બે ફૂલ મૂકતા ગયા છે : એક એમની અમૃતમય વાણીનું, બીજું એમના કરુણાભર્યા જીવનનું - બલકે મૃત્યુનું.

ગુરુજી આજન્મ શિક્ષક હતા. માતાને બાળક જોઈ પાનો છૂટે તેમ શિષ્યો જોઈને એમનું હૃદય ઉભરાતું. એમનું વિપુલ સાહિત્યસર્જન એ ઉભરાતા માતૃહૃદયની પ્રસાદી છે. 'શ્યામની બા', 'ભારતીય સંસ્કૃતિ', 'ગોડ ગોષ્ઠી' (મીઠી વાતો), જેવાં પુસ્તકોમાંથી સૌ દેશજનો પોષણ મેળવ્યાં કરશે. આવાં સર્જનોને કલારચનાના નિયમોને કાટલે તોળવાનાં ન હોય. જે વાઙ્મય કલાકારોને માટે પણ માના ધાવણ જેવું નીવડે છે તે આવા સંતોના હૃદયનું સહજ સ્ફુરણ હોય છે.

ગુરુજીનું સ્વેચ્છામૃત્યુ એ આપણા ચિત્તમાં અનેક મૂંઝવણના પ્રશ્નો જગાવે છે : શું જાગ્રત માણસોને આત્મહત્યાનો જ એક માર્ગ રહે એવો સમય આપણા દેશમાં આવી લાગ્યો કે ? શું પોતાની જીવનજ્યોતને બૂઝવીને જ ઠીંગરાઈ ગયેલા, મૃતવત્, રાષ્ટ્રદેહને ઉષ્મા આપી શકાશે એમ ગુરુજીએ જોયું ? કે પ્રાયોપવેશન કરતા શ્રમણ સાધુવરોની અને સમાધિ લેતા સંતોની રીતનો એમણે અંગીકાર કર્યો ? માનવજીવન જ શું એવું છે કે ભગવદ્ ભાવની આવી 'તળમળ' જેમના હૃદયમાં હોય તેમને જીવવા પ્રત્યે અભાવ થઈ આવે ?

૧૯૧૮માં એક વાર પ્રાર્થના સમયે ગાંધીજી બોલ્યા હતા (આ અઠવાડિયે પ્રગટ થયેલી 'મહાદેવભાઈની ડાયરી'-૪માં એ શબ્દો જોવા મળે છે) : *"આપણા શાસ્ત્રમાં તેથીયે વધારે કહ્યું છે કે જ્યાં અન્યાય પ્રવર્તી રહ્યો હોય ત્યાં શુદ્ધ માણસ જીવી જ ન શકે... મને દિવસે દિવસે દુનિયામાં દંભ એટલો બધો લાગતો જાય છે કે મને ઘણીવાર એમ થાય છે કે હું અહીં જીવી જ ન શકું. મેં ફિનિક્સમાં ઘણીવાર કહ્યું છે કે તમારા બધાની વચમાં હું કોઈ દિવસ ન દેખાઉં તો નવાઈ ન પામજો. મને કોઈ દિવસ એમ થઈ જશે તો હું કદી ન જડું એવી જગ્યાએ નાસી જઈશ. તે વખતે તમે ગભરાશો નહીં પરંતુ હું તમારી પાસે જ છું એમ જાણી હાથ ધરેલાં કામ કર્યે જજો."*

સાને ગુરુજીએ, અંતિમ પત્રમાં પોતે લખ્યું છે તેમ 'શરીર અને મનથી અસ્વસ્થ' હતા ત્યારે, આવું કોઈ પગલું ભરવું ઠીક ગણ્યું. કદાચ પોતાના મૃત્યુ પર કીર્તિનો આડંબર ન ચડે એ લાલચે ભલે, પણ એમણે મૃત્યુના કારણ તરીકે 'ચુપચાપ હાર્ટફેલ કે હેમરેજ'ને ગણાવવા એ પત્રમાં સૂચવ્યું એ 'અસ્વસ્થ દશાનું જ પરિણામ ગણાય. અનેકવાર ઉપવાસોથી પ્રાણને હોડમાં મૂકનાર ગુરુજી કોઈક સારા જનકાર્ય માટે આમરણ ઉપવાસથી હસતાં હસતાં દેહ ઘસી નાખી શકત. તે છતાં એમણે આવો માર્ગ લીધો એથી એમના મૃત્યુની કરુણતા વધે છે. આપણે ન તો ન્યાય તોળવા બેસીએ, ન તો ગભરાઈ જઈએ. એ આપણી પાસે જ છે એમ જાણી હાથ ધરેલાં કામ સન્નિષ્ઠાથી કર્યે જઈએ. અને એ રીતે એમની પાસેથી મળેલી સૌહાર્દભરી ભેટને પાત્ર નીવડીએ.

ભાઈ પુરુષોત્તમ માવળંકરનો ગુરુજી સાથે હૃદયનો સંબંધ હતો - છે એમ મારે કહેવું જોઈએ. એ સ્વતંત્ર પુસ્તક રચી શકત પણ અત્યારે તરત આ અનુવાદ એ આપણને આપે છે. ગુરુજીની આગામી પુણ્યતિથિએ ગુરુજીનો કાંઈક સમગ્રતયા પરિચય આપનારું પુસ્તક કરાવવાની એમની નેમ છે.

ગુજરાતી વાચકો સાને ગુરુજીના જીવનની અમૃતધારાનું આકંઠ પાન કરી દિવ્ય સ્ફૂર્તિ મેળવો !

અમદાવાદ, તા. ૨૨-૮-૫૦ **ઉમાશંકર જોષી**

# અંતરની વાત

પૂજ્યશ્રી સાને ગુરુજીનું સ્થાન મારા હૃદયમાં કેટલું ઊંડું છે તેનું ભાન એમના દેહાવસાન પછી વધારે તીવ્રતાથી મને થઈ રહ્યું છે ! એમના શારીરિક વિયોગની કલ્પના હું સહી જ શકતો નથી. ગુરુજીને મારા હૃદયદેવ કહું તો પણ મારો એમના પ્રત્યેનો પ્રેમાદરનો ભાવ પૂરો વ્યક્ત થતો નથી લાગતો ! મારે મન ગુરુજી એનાથી પણ ઘણા વધારે હતા ને છે.

સાને ગુરુજીનું જીવન એટલે મહાન અખંડ યજ્ઞ ! નિષ્કામ, સેવાભાવ ને નિરપેક્ષ પ્રેમવૃષ્ટિથી એમણે એ યજ્ઞ આખર સુધી જ્વલંત રાખ્યો. યજ્ઞકર્મ માટે જરૂરી એવી શુચિતા ને સાત્ત્વિક વૃત્તિ એમણે દૃઢ ઉપાસના કરી મેળવી. સ્વાર્થ, સત્તા, લોલુપતા, ઈર્ષ્યા, પ્રસિદ્ધિ, મોહ વગેરેની તો એમણે હોળી કરી નાખી !

સાને ગુરુજીના આવા મહાન સંતજીવનને સમજાવવાનું કાર્ય કોઈ પણ પુસ્તક સંપૂર્ણપણે તો નહીં જ કરી શકે. છતાં, આ નાનકડા ચરિત્રથી ગુરુજીના વિવિધરંગી જીવનનો કાંઈક ખ્યાલ તો વાચકોને આવશે જ એમ માનું છું. પૂનાના 'ચિત્રશાળા' પ્રકાશને પ્રસિદ્ધ કરેલા નાનકડા મરાઠી ચરિત્રનો આ મુક્ત ભાવાનુવાદ ગુજરાતી ભાઈબહેનો સમક્ષ મૂકું છું.

મારી વિનંતીને માન આપીને શ્રી ઉમાશંકરભાઈએ સુંદર, ભાવભર્યાં "બે ફૂલ" અર્પણ કર્યાં બદલ એમનો હું ઋણી છું.

પૂજ્ય સાને ગુરુજી વિરલ સંત પુરુષ હતા. એમના જીવનયજ્ઞમાંથી એકાદ ચિનગારી પણ આપણા ગુજરાતમાં ભાઈબહેનોને મળે એ હેતુથી આ નાનકડું ચરિત્ર પ્રસિદ્ધ થાય છે. એ ચિનગારી પણ આપણો જીવનપંથ ઉજાળશે એવી મને શ્રદ્ધા છે.

(ટૂંકાવીને) **પુરુષોત્તમ ગણેશ માવળંકર**

# સાને ગુરુજીનું પુણ્યસ્મરણ આજે સવિશેષ ઉપકારક

## (પુનઃમુદ્રણ પ્રસંગે ખાસ આમુખ)

સાને ગુરુજીની જન્મશતાબ્દી આ વર્ષે સારાયે પશ્ચિમ ભારતમાં, ખાસ કરીને મહારાષ્ટ્રમાં બધે, ઉજવાઈ રહી છે ત્યારે એમના અનોખા જીવનનો સુંદર પરિચય સંક્ષેપમાં આપણે ત્યાં ગુજરાતમાં લગભગ પચાસ વર્ષ પછી ફરીથી નવી પેઢીને સુલભ થાય છે, તેનું સર્વશ્રેય મારા નિકટના સ્નેહી મનુભાઈ પંડિતને તથા એમની સંસ્થા જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિરને ઘટે છે. આ પુનઃમુદ્રણના સ્વયંસ્ફૂર્ત વિચાર અને સંકલ્પ માટે મનુભાઈનો હું ઋણી છું.

સાને ગુરુજી એક અસામાન્ય સામાન્યજન હતા. એમનું સમગ્ર જીવન માનવતા અને મધુરતાનું, સેવાશીલતા અને સુજનતાનું સુભગ મિલન-સ્થાન હતું. વૃત્તિએ સંપૂર્ણ સાત્ત્વિક, સ્વભાવે ખૂબ જ સંવેદનશીલ, બોલવા ચાલવામાં અત્યંત શરમાળ અને સરળ એવા સાને ગુરુજીનું કર્તૃત્વ એક તેજસ્વી ક્રાન્તિકારનું હતું. એમના પ્રવચનોમાં અને લખાણોમાં અનેરું આકર્ષણ અને અજોડ અંગાર હતાં. પરિણામે, અસંખ્ય લોકોનાં દિલ સાને ગુરુજીએ આસાનીથી જીતી લીધાં; જે કોઈ એમને એક વાર સાંભળે તેના હૃદયમાં તેમ સ્મરણપટ પર સાને ગુરુજીની છબી અને છાપ કાયમને માટે અંકિત થતી.

૨૪ ડિસેમ્બર, ૧૮૯૯ એમનો જન્મદિન, ૧૧ જૂન, ૧૯૫૦ નિર્વાણદિન; ગુરુજી માંડ ૫૦ વર્ષ જીવ્યા, પણ જાણે અનેક સૈકાઓસભર સુંદર, મંગલ, અર્થપૂર્ણ જીવનકાર્ય ઉત્તમ પાર પાડ્યું ! આવતા વર્ષે એમના નિર્વાણની અર્ધશતાબ્દી આવે છે. છતાં, તેમનું સ્થાન જનહૃદયમાં પૂરું જીવંત અને તાજગીભર્યું છે. મહાત્મા ગાંધીની શહાદતને આજે ૫૧ વર્ષ થયાં, પણ ગાંધીજીનું પુણ્યસ્મરણ નિત્ય પોષક અને પ્રેરક છે. એવું જ કંઈક સાને ગુરુજીનું ! વીસમી સદીનું આ અંતિમ વર્ષ છે; નવી એકવીસમી સદીમાં પ્રવેશવાને ભારત અને જગત થનગની રહ્યાં છે ! આપણે લોકશાહી પ્રજાસત્તાકની અર્ધશતાબ્દી આગામી ૨૬મી જાન્યુઆરી, ૨,૦૦૦ને રોજ ઉજવાશે ! આમ, અનેક ઐતિહાસિક સીમાચિહ્નોની વચ્ચે આજે આપણે સહુ આવી ઊભાં છીએ !

સાને ગુરુજીના આકસ્મિક, અકુદરતી, અચાનક, અકાળ અવસાનથી વિનોબા ભાવેએ આઘાત અનુભવ્યો; ગમગીન અને ગંભીર બનેલા વિનોબાજીએ સાને ગુરુજીને ભવ્ય અંજલિ અર્પતા 'આધુનિક મહારાષ્ટ્રના સંત' તરીકે એમને બિરદાવ્યા. જ્ઞાનેશ્વર, નામદેવ, તુકારામ જેવા સંતોની હરોળમાં હક્કથી બિરાજે એવું સાને ગુરુજીનું જીવન અને કવન હતું એમ કહીને વિનોબાજીએ સાને ગુરુજીનું વર્ણન '**अमृतस्य पुत्राः**' તરીકે કર્યું ! બંને મહાપુરુષોનો ગજબનો ઋણાનુબંધ અને ઉત્કટ આત્મીય સંબંધ હતો; સાને ગુરુજી વિનમ્ર ભાવે વિનોબાજીને અતિ વંદનીય કહે, તો વિનોબા ભાવે સાને ગુરુજીને અત્યંત પૂજનીય ગણે ! ધૂળે જેલમાં વિનોબાજીએ ગીતા પર સુશ્રાવ્ય અને મૌલિક ચિંતનભર્યાં પ્રવચનો આપ્યાં ત્યારે શ્રોતાઓમાં સાને ગુરુજી પણ હતા. એટલું જ નહીં, એ અદ્‌ભુત પ્રવચનો ગુરુજીએ તત્ક્ષણ વિસ્તારથી ટપકાવ્યાં, જે '**ગીતા હૃદય**' તરીકે સરસ મઝાના પુસ્તકરૂપે પ્રકાશિત થયાં. ત્યાર પછી, ગુરુજીના ટાંચણ અને સંક્ષેપના આધારે, વિનોબાજીનો અમર ગ્રંથ '**ગીતા પ્રવચનો**' પ્રગટ થયો.

ગુરુજીના દેહાન્ત દિને દાદાસાહેબ નવી દિલ્હીમાં હતા; વિમાન માર્ગે સાંજે અમદાવાદ ઘેર આવ્યા પછી મારા પિતાને સાને ગુરુજીના સ્વર્ગવાસી થયાના શોકજનક સમાચાર જાણવા મળ્યા. ૧૧ જૂન, ૧૯૫૦ની રોજનીશીમાં દાદાસાહેબે પોતાની લાગણી થોડા જ શબ્દોમાં પૂરી વ્યક્ત કરી : **"ખૂબ દુઃખ થયું. એક સંત, નિષ્પાપ, સહૃદય, નિર્મળ મનનો મહાપુરુષ ચાલ્યો ગયો એમાં શંકા નથી."** બીજે દિવસે, ૧૨મીએ સાંજે, અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં, જાહેર શોકસભાનું આયોજન અમે જુવાનિયાઓએ કર્યું હતું. પ્રમુખસ્થાને દાદાસાહેબ હતા, જ્યારે મુખ્ય વક્તાઓમાં ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહરશ્મિ' અને જયંતી દલાલ હતા. પ્રારંભમાં ગુરુજીના જીવનનો ચિતાર સંક્ષેપમાં મેં રજૂ કરેલો.

સાને ગુરુજી સાથેનો અમારો માવળંકર કુટુંબનો આછેરો સ્નેહ પરિચય ૧૯૩૯થી બંધાયો. ગુરુજીનાં એકએકથી ચડિયાતાં પુસ્તકો મૂળ મરાઠીમાં વાંચીને દાદાસાહેબ અને હું ભાવવિભોર બનેલા. 'શ્યામચી આઈ' દાદાસાહેબે સાબરમતી જેલમાં વાંચી ત્યારે વારંવાર એમની આંખો ભીની થઈ જતી. 'ભારતીય સંસ્કૃતિ' અને 'સોન્યા મારુતિ ?' પુસ્તકો પણ દાદાસાહેબે ખૂબ રસપૂર્વક વાંચ્યાં. મારા શાળા-કોલેજનાં વર્ષોમાં

સાને ગુરુજીનાં 'શ્યામ', 'ઘડપડણારી મુલે' સહિતના પ્રકાશિત અને પ્રાપ્ય પુસ્તકો મેં હોંશે હોંશે વાંચેલાં અને માણેલાં. 'સોન્યા મારુતિ ?' પુસ્તકે તો મારા પર ખૂબ અસર કરી, આખી જીવનદૃષ્ટિ બદલાઈ; ગુરુજીના મનનીય વિચારોનો રસાસ્વાદ લગાતાર લેતો રહ્યો. મે, ૧૯૪૭માં મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર પંઢરપુરમાં વિઠોબા (પાંડુરંગ)ના મંદિરને હરિજન સમાજ મટે ખુલ્લું કરવાના દૃઢ સંકલ્પથી સાને ગુરુજીએ આમરણાંત ઉપવાસ આદર્યા એ ઐતિહાસિક પ્રસંગે, સુખદ અકસ્માતે, અમે માવળંકર કુટુંબીજનો પંઢરપુરમાં દર્શન માટે ગયાં ત્યારે ગુરુજીના ઉપવાસનો પાંચમો દિવસ હતો. દાદાસાહેબે અને અમે ભાઈઓએ, સ્વાભાવિક જ વિઠોબાનાં દર્શન મંદિરમાં પ્રવેશીને ન કર્યા. બહાર નજીકના એક પ્રાંગણમાં 'પાંડુરંગ' સદાશિવ સાને ગુરુજીએ પોતાનાં પ્રાણ હોડમાં મૂકેલાં ત્યારે મંદિરની અંદરના 'પાંડુરંગ'ને અમે બહારના 'પાંડુરંગ'માં જ જોયા ! સદ્‌ભાગ્યે, દાદાસાહેબની સક્રિય અને સમયસરની દરમ્યાનગીરીથી અને દોરવણીથી મંદિરના પૂજારીઓ છેવટે, ૧૦મી મેએ, માની ગયા અને હરિજનોના મંદિર પ્રવેશ માટે સંમતિદર્શક સહીસિક્કા, દાદાસાહેબની તથા ઠક્કરબાપા, રાવસાહેબ પટવર્ધન આદિ નેતાઓની હાજરીમાં, કરી આપ્યા, ગુરુજીનાં મહામૂલાં પ્રાણ બચી ગયાં ! પંઢરપુરનું વિઠોબા મંદિર હવે સહુ માટે ખુલ્લું થયાની આવકાર્ય જાહેરાતથી સાને ગુરુજીનો જયજયકાર થયો, ૧૦મી મેની એ સાંજે અને રાત્રે સારાયે પંઢરપુરમાં જાણે દિવાળીનું પર્વ હર્ષોલ્લાસથી ઉજવાયું. દાદાસાહેબની સાથે હું પણ આ સદા સ્મરણીય ઘટનાનો પ્રત્યક્ષ સાક્ષી બન્યો. એ દિવસે (૧૦ મે, ૧૯૪૭) સાંજે સાને ગુરુજીને હું પહેલી જ વાર પ્રત્યક્ષ મળ્યો, ભક્તિભાવથી અને વંદનપૂર્વક એમની પાસે બેઠો. ગુરુજીએ મારો હાથ એમના હાથમાં લીધો અને અમીભરી આંખો વડે મારા પર વહાલ વરસાવ્યું અને મીઠી આશિષ આપી ! એ ભાગ્યવંતું ચિત્ર આજેય આંખ આગળ તરવરતાં રોમાંચ અનુભવું છું. દસ દિવસના ઉપવાસથી અશક્ત બનેલા સાને ગુરુજીએ બેચાર ટૂંકા વાક્યોમાં મને જે હૂંફ અને શીખ આપી તે ક્યારેય ભૂલાય એમ નથી. મારું પરમ ભાગ્ય કે, સાને ગુરુજી સાથે આ રીતે આત્મીય તંતુ વડે જોતરાયો ! પંઢરપુર હું બે વાર - ૫ અને ૧૦ મે, ૧૯૪૭ - દાદાસાહેબ સાથે ગયો તે મારા માટે ખૂબ ફળદાયી મુલાકાત બલકે

યાત્રા નીવડી; મંદિરમાંના 'પાંડુરંગ'નાં દર્શન દૂરથી થયાં તે સાથે જ મહારાષ્ટ્રમાંના આધુનિક 'પાંડુરંગ'ને નજીકથી નિહાળ્યા, એમની સાથે નિકટનો પ્રેમસંબંધ બંધાયો તે પૂરબહારમાં ખીલ્યો ! મેં ધન્યતા અનુભવી.

પછી તો, સાને ગુરુજીને મળવા કરવાના, એમની સાથે પત્રવ્યવહાર કરવાના, મહત્ત્વની વિવિધ બાબતો પર વાતચીતના પ્રસંગો લગાતાર મળતા રહ્યા. અમારી વચ્ચે જાણે પરસ્પર વહાલનો સેતુ બંધાયો ! દેખીતી રીતે જ, એમાં ઔપચારિકતાનો સ્પર્શ કે અંશ માત્ર પણ નહોતો. અત્યંત આત્મિક અને હૃદયસ્પર્શી એવો એ સંબંધ નિરંતર રહ્યો. કમનસીબે, ગુરુજીએ એકાએક ચિરવિદાય લીધી, પરંતુ, સદેહે સાને ગુરુજી હયાત ન હોવા છતાં મારા માટે એ સદા જીવંત અને અખંડ પ્રેરણાનો સ્રોત રહ્યા છે. મુંબઈમાં દાદરમાં પારસી કૉલોની પાસેના 'મેઘા ભુવન'માંની એક નાની અને સાદી ઓરડીમાં ગુરુજીનો નિવાસ, ત્યાં હું એમને અવારનવાર મળતો. મુંબઈ ગયો હોઉં અને 'મેઘા ભુવન'ની મુલાકાત ન લીધી હોય એવું ભાગ્યે જ બનતું. ગુરુજીએ ૧૫ ઑગસ્ટ, ૧૯૪૮ને રોજ 'સાધના' મરાઠી સાપ્તાહિક શરૂ કર્યું; ત્યારપછી, મુંબઈમાંની આર્થર રોડ જેલ નજીકના એમના નાનકડા 'સાધના' પ્રેસ પર એમને અનેકવાર મળવાનું થતું, ક્યારેક બસમાં અમે સાથે દાદર પાછા ફરીએ; ૧૯૪૭થી ૧૯૪૯નાં એ વર્ષોમાં, આમ, સ્નેહસેતુ સુદૃઢ થયો; સૌ. પૂર્ણિમા અને હું ગુરુજીને ખાસ મળવા અવારનવાર જતાં. અમારાં લગ્ન પ્રસંગે એમણે મંગલકામના વ્યક્ત કરતી ચાર પંક્તિઓ ખાસ વહાલભરી આશિષ સાથે મોકલી હતી. અમદાવાદના અમારા ઘરે ગુરુજી આવે, રહે, સહુને મળે એમ પૂર્ણિમાને અને મને વારંવાર થયા કરતું. ૨૯ જાન્યુઆરી, ૧૯૫૦ને રોજ સાને ગુરુજી અમદાવાદ પધાર્યા. ગાંધી નિર્વાણદિને ખાસ પ્રાર્થનાસભામાં સામેલ થવા, અને અમને બધાંને સંબોધવા, ગુરુજીને નિમંત્રેલા. મેં તો એવી હઠ પકડી કે ગુરુજીને આવ્યા વિના ચાલે એમ નહોતું ! ૨૯મીની રાત્રે સાને ગુરુજીએ અમારા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે જાણે સાક્ષાત્ ભગવાન અમારે આંગણે આવ્યાની ભાવના થઈ. ભદ્રમાં વસંત વ્યાયામ શાળાના પ્રાંગણમાં અમે થોડાં યુવા ભાઈ-બહેનો દર શુક્રવારે ગાંધીજીના પુણ્યસ્મરણમાં પ્રાર્થનાસભા રાખતા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૫૦ની એ પ્રાર્થનાસભા અને ગુરુજીની પ્રત્યક્ષ હાજરીથી

સવિશેષ પ્રાણવંતી બની. એ સભામાં પૂજ્ય રવિશંકર મહારાજને પણ અમે ખાસ ચાહીને નિમંત્રેલા, અને મહારાજના આવ્યાથી સોનામાં સુગંધ ભળી; એક મંચ પર ત્યારે જાણે, ભક્ત કવિ નરસિંહ મહેતા અને સંત નામદેવ એકત્ર આવ્યા હોય એવો ભાવ મારા દિલમાં જાગ્યો !

૩૦મી જાન્યુઆરીએ વહેલી સવારે સાને ગુરુજી અને હું સાબરમતી ગાંધી આશ્રમ ગયા. ત્યાં 'હૃદયકુંજ'માં ગાંધીજી અને ગુરુજી મનોમન મળ્યા ! આંખો મીંચીને મૌનપૂર્વક ગુરુજી થોડી ક્ષણો માટે બેઠા, અને રાષ્ટ્રપિતાની પુણ્યસ્મૃતિને વંદના કરતી વેળા ગુરુજીને અપાર કૃતાર્થતા થઈ. ત્યારબાદ હરિજન આશ્રમવાસીઓને સંબોધતાં ગુરુજીને ડૂમો ભરાયો, સહજતાથી એ બોલ્યા : "મહાત્માના સ્પર્શથી પાવન થયેલી આ મહાન ભૂમિના અણુએ અણુમાં પ્રાણ ધબકતો મને દેખાય છે, જીવનદર્શન થાય છે ! આવી કર્મમય, સંતમય ધરતી પર જાણે મસ્તીથી આળોટવું એમ મને થાય છે !" આશ્રમની વિદાય અમે સજળ નયને લીધી. એ દિવસે ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, શેઠ ચી.ન. વિદ્યાવિહારની મુલાકાતો પણ અમે લીધી. મોડી સાંજે ભદ્રમાં વસંત ચોકમાં જાહેરસભામાંની મોટી મેદનીને ગુરુજીની રસાળ અને તેજસ્વી વાગ્ધારા સાંભળવા મળી. ગુરુજીની આ અમદાવાદ સફર સર્વ રીતે સંસ્મરણીય બની રહી. અમદાવાદના અને વડોદરાના અમે કેટલાક મિત્રો અને સાથીઓ સાને ગુરુજીને ગુજરાતના પાટનગરમાં તેડી લાવવા થનગનતા હતા, અમને ગુરુજીની આવી પધરામણીથી ખૂબ પ્રસન્નતા અને કૃતજ્ઞતાની લાગણી થઈ. સાને ગુરુજીનાં અનેક સંભારણાં આજે વાગોળું છું, પણ અહીં એ લંબાવવાનો મોહ ટાળું છું.

સાને ગુરુજીના અતિ દુઃખદ અવસાન પછી અમદાવાદમાં અને ગુજરાતમાં ગુરુજીના જીવનકાર્યની જાણકારી અને જીવનસ્મૃતિના પ્રસાર માટે અમારાથી બનતું બધું કરવામાં મને ઉત્કટ સાથ અને સક્રિય સહકાર અનેક સાથીઓએ, સ્નેહીજનોએ, વડીલોએ આપ્યો. અમદાવાદમાં ગુરુજીના સ્મારક રૂપે એમની 'આંતર-ભારતી'ની તેમજ 'સાને ગુરુજી કથામાલા'ની પ્રવૃત્તિઓ પણ થોડી ઘણી અમે ચલાવી. ગુરુજી માટે અલ્પશો સ્મારક

ફાળો પણ ઉઘરાવ્યો. અમદાવાદ ઉપરાંત અન્ય કેટલાંક નગરોમાં અને ગામોમાં સાને ગુરુજીનો અમર જીવનસંદેશ ફેલાવવાના પુણ્ય-કાર્યમાં અમદાવાદના કેશવ ગજાનન માવળંકર, ડૉ. હરિભાઉ જાંભેકર, ધનવંત ઓઝા જેવા અનેક સ્વજનોનો તથા વડોદરાના ગજાનન ગોપાળ પડારકર, સદાશિવ કુલકર્ણીનો સતત સહકાર સાંપડ્યો. ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર, પુષ્કર ચંદરવાકર, રામુ પંડિત, નીરુભાઈ દેસાઈ, મહેન્દ્ર ઝવેરચંદ મેઘાણી જેવા સાહિત્ય અને સમાજ સજ્જનો પણ આ કાર્યમાં ઓછાવત્તા જોડાયા. ઈન્દુચાચા, રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, પરીક્ષિતલાલ મજમુદાર સહિતના અનેક આદરણીય મુરબ્બીઓની હૂંફ અમને મળી. ગુજરાતમાં સાને ગુરુજી એમના અનેક પ્રેરક અને રોચક ગ્રંથો દ્વારા ઘણાને સુપરિચિત હતા જ. આણંદના સરસ્વતી ઉપાસક અને સાહિત્યપ્રેમી નટવરલાલ દવેએ સાને ગુરુજીના 'ગીતા હૃદય', 'શ્યામચી આઈ' વગેરે પુસ્તકોનું ગુજરાતી રૂપાંતર નિષ્ઠાથી કર્યું. અમદાવાદની પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થા 'ભારતી સાહિત્ય સંઘે' ગુરુજીનાં અનેક પુસ્તકોના વિવિધ લેખકોએ કરેલા ગુજરાતી અનુવાદો પ્રગટ કર્યા. એમાં પ્રકાશક ઈશ્વરલાલ મ. દવેનો ફાળો સારો એવો નોંધપાત્ર રહ્યો.

આપણું રાષ્ટ્ર અત્યારે અસાધારણ, વિકટ અને નાજુક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. આદર્શો, મૂલ્યો, ધોરણોનો એકંદરે અભાવ અત્યારે ખૂબ વરતાય છે. સમગ્ર પરિસ્થિતિ અત્યંત અંધકારમય છે. આવા કસોટીકારક સમયે સાને ગુરુજીનું પુણ્યસ્મરણ સવિશેષ ઉપકારક બની રહે તેમ છે.

સાને ગુરુજીના પુણ્યાત્માને અને એમની પાવનકારી સ્મૃતિને ભાવભરી વંદના !

'ગોપિકા' મહારાષ્ટ્ર સોસાયટી, **પુરુષોત્તમ ગણેશ માવળંકર**
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
તા. ૩૦ જાન્યુઆરી, ૧૯૯૯
મહાત્મા ગાંધીનો ૫૧મો નિર્વાણ દિન

# અંજલિ

પૂજ્ય સાને ગુરુજીની પ્રથમ માસિક શ્રાદ્ધતિથિના દિવસે એમના જીવનનો આ ટૂંકો પરિચય પ્રસિદ્ધ થાય છે. એમનું મૃત્યુ જેટલું અકલ્પિત તેટલું જ એ આકસ્મિક પણ ખરું ! "હું જ્યારે રડતો હતો, ત્યારે સૌ હસતા હતા; અને હું જ્યારે હસતો હતો, ત્યારે સૌ રડતા હતા" એવું જીવન-મરણનું વર્ણન જો કોઈને યથાર્થ લાગુ પડતું હોય તો તે સાને ગુરુજીને જ. મરણ એ એક સ્થિત્યંતર છે; એ ભયંકર નથી, પણ પ્રેમાળ છે એવી મરણ વિષેની એમની ઉદાત્ત ભાવના હતી. એમણે તો પોતાના જીવનનો સવાલ ઉકેલ્યો, પણ અનેક જણને દુઃખ આપ્યું.

ગુરુજીનું વર્ણન ખૂબ જ થોડા શબ્દોમાં પણ યથાર્થ કરવું હોય તો એમ જ કહેવું જોઈએ કે "ભાવના" ગુરુજીના રૂપે પ્રગટ થઈને આ દુનિયામાં હરતી ફરતી હતી. ભાવના શુદ્ધ હોય છે. પ્રેમાળ હોય છે. એ હસે છે, રડે છે, કોઈ વાર ગુસ્સે પણ થાય છે. ભાવનાનો પ્રેમ અસામાન્ય હોય છે, તેમ તેનો ક્રોધ પણ અસામાન્ય હોય છે. ભાવના બાંધછોડ જાણતી નથી. ભાવના અટવાઈ જવાથી નિરાશા જન્મે છે; અને પછી ભાવનાશાળી માણસ સાત્ત્વિક સંતાપ અનુભવતો એવા જગતમાં જવા ઇચ્છે છે જ્યાં જોમ, સ્નેહ, દયા, કારુણ્ય એનું સામ્રાજ્ય હોય !

ગુરુજીનો જન્મ ગરીબાઈમાં જ થયો; ગરીબાઈમાં જ તેઓ ઉછર્યા, મોટા થયા; અને એમનો અંત પણ ગરીબાઈમાં જ થયો. આમ છતાં અનેક ઉચ્ચ સંસ્કારો વડે સજેલું ને ફૂલેલું એવું પોતાનું જીવનપુષ્પ એમણે માભોમના ચરણે અર્પણ કર્યું. માંગલ્યની ને માણસાઈની પૂજા અને અખંડ સેવાવ્રત એ જ એમના જીવનના સ્થાયી ભાવ હતા.

ગુરુજીના જીવનનો ઘણો ખરો સમય બાળકો માટે ખર્ચાયો હતો. પોતાના લખાણથી એમણે જો કોઈનાં જીવન ઘડ્યાં હોય તો તે આપણા વિદ્યાર્થીઓનાં. આ બાલમિત્રોના સહવાસમાં તેઓ પોતાની જાતને પણ ભૂલી જતા. આ બાલસૃષ્ટિને તેમણે હસાવી રડાવી, સંસ્કૃતિસંપન્ન ને ચરિત્રસંપન્ન બનાવી ! એમનું આ કામ એટલું મહાન છે કે એમની દેશસેવા મહાન, સાહિત્યસેવા મહાન કે એમની આ બાળકોની સેવા મહાન - એવો પ્રશ્ન મનમાં ખડો થાય છે. અને તેથી જ એમના અકાળે દેહાવસાનથી અપ્રત્યક્ષ રીતે સમગ્ર રાષ્ટ્રનું નુકસાન થયું છે એ ખરું હોવા છતાં પણ, આપણા મહારાષ્ટ્રના બાલજીવનનું જેટલું નુકસાન થયું છે એનો તો જોટો નથી એમ જ કહેવું પડશે.

**- પ્રકાશક**

# મહારાષ્ટ્રની 'મા'

લોકમાન્ય ટિળક ને મહાત્મા ગાંધીના નિર્વાણ બાદ સમગ્ર મહારાષ્ટ્રના હૃદયને આંચકો લગાડનારો એવો જ પ્રસંગ ૧૧મી જૂન,૧૯૫૦ને રોજ બન્યો. નાગપુરથી માંડીને ગોવા સુધીની મહારાષ્ટ્રીય જનતાના હૃદય પર તે દિવસે કારમો ઘા પડ્યો. મહારાષ્ટ્રમાં એક પણ સહૃદય માણસ એવો નહોતો જે તે દિવસે રડ્યો ન હોય. ભણેલા-ગણેલા રડ્યા, અભણ રડ્યા. સ્રીઓએ આંસુ સાર્યાં, પુરુષોની આંખો ભીની થઈ. છોકરાઓ રડ્યા, છોકરીઓ રડી પડી. સાહિત્યકારોએ આંસુ સાર્યાં, રાજકારણી આગેવાનોની આંખો ભીની થઈ. સાહિત્યકારોને લાગ્યું કે જ્ઞાનેશ્વર-તુકારામની શ્રેણીનો એક કવિ આજે અક્ષરધામ પામ્યો. રાજકારણી આગેવાનોને થયું કે સમાજની માંગલ્યનિષ્ઠા ચિરકાળ ટકાવી રાખનારી એક શક્તિ ચાલી ગઈ. સ્રીઓને દુઃખ થયું કે મહારાષ્ટ્રીય સમાજમાંની એકની એક માતૃહૃદયી વ્યક્તિ અદૃશ્ય થઈ. હરિજનોને લાગ્યું કે આપણા માટે પોતાના પ્રાણ પણ હોડમાં મૂકનારો આપણો હિતકારી ચાલ્યો ગયો. છોકરા છોકરીઓને તો પોતાની મા ગુમાવ્યાનું દુઃખ થયું. હવે એમને અવનવી વાતો કોણ કહેશે ? એમના જીવનમાં ભારતીય દૃષ્ટિ આવે, એમનામાં સમાનતાની જ્યોત પ્રગટે, ત્યાગના ને વૈરાગ્યના તેઓ ઉપાસક બને એ માટે તેમને હવે કોણ બોધ આપશે ? એમનાં સુખ દુઃખો જોડે કોણ સમરસ થશે ? મુશ્કેલીના વખતમાં એમણે હવે કોની આગળ પોતાનું હૈયું ઠાલવવું ? મહારાષ્ટ્રના માંગલ્યની દીવાદાંડી તે દિવસે ઓલવાઈ ગઈ, અને ચારે બાજુ અંધકાર જ છવાઈ ગયો.

પરંતુ અંધકાર પણ દેખી શકાય છે. અંધારામાં પણ એક પ્રકારનું ગહન સામર્થ્ય હોય છે. જે કલમે ને વાણીએ ગયા બે દાયકામાં મહારાષ્ટ્રના હૃદય પર સંસ્કાર-સિંચન કર્યું, એ હૃદયને આકાર આપવાનો પ્રયત્ન કર્યો, એ કલમે ને વાણીએ તે દિવસે સત્યાગ્રહનો, લોકશાહીનો ને સમાજવાદનો આખરી પયગામ મહારાષ્ટ્રને આપીને વિરામ લીધો. જે આત્માના ઉછળતા પ્રવાહથી મહારાષ્ટ્રનું જીવન સંપન્ન થયું, પરિપુષ્ટ બન્યું તે આત્માનું વ્યક્ત સ્વરૂપ તે દિવસે નાશ પામ્યું. પરંતુ એ આત્મા

મહા બળવાન, નિર્ભય, નિઃસ્વાર્થ અને નિરહંકારી આત્મા હતો. એણે પોતાનું આત્મત્વ અનુભવ્યું હતું. "પાણી જેને પલાળી ન શકે ને પવનથી સુકાઈ ન જાય" એવા એ આત્માને પોતાના સ્વત્વનું ભાન અખંડ હતું. મૃત્યુનું ગાન ગાનારો એ આત્મા હતો. જેટલી સહેલાઈથી માણસ પોતાનાં જૂનાં કપડાં ફેંકી દઈને નવાં ધારણ કરે છે એટલી જ સહેલાઈથી શરીરરૂપી કપડાં ફેંકી દેનારો આત્મા હતો એ ! ગીતામાં જીવનના ત્રણ મુખ્ય સિદ્ધાંતો વર્ણવ્યા છે : આત્માની અમરતા, દેહની ક્ષુદ્રતા અને સ્વધર્મની અમર્યાદિતા. આ ત્રણ જીવન સિદ્ધાંતોનું સતત ભાન રાખનાર એ આત્માએ માણસ જેમ સહજ રીતે સૂઈ જાય તેવી સ્વાભાવિકતાથી પોતાનું માથું યમ ભગવાનના ખોળામાં મૂકી દીધું. ભારતીય સંસ્કૃતિની મૃત્યુની કલ્પના એ આત્માએ પચાવી હતી. જન્મે જન્મે આ ભારતીય સંસ્કૃતિના ઉપાસક થવાની ઈચ્છા રાખનારો એ આત્મા હતો. મૃત્યુને પણ જીવન જેટલું જ પરમ મંગળ માનનારો આત્મા હતો એ.

એ આત્માનું મૂર્તસ્વરૂપ હવે દેખાશે નહિ. છતાં માનવના નાશવંત દેહ પર માનવ મને વિજય મેળવ્યો છે. માનવનું નાશવંત શરીર નષ્ટ થાય તો પણ સ્મૃતિરૂપે માણસના જે શરીરમાં આત્મા પ્રગટ થયો તેને અમર બનાવે છે. આ સ્મૃતિ પણ જેટલી તીવ્ર તેટલી વધુ પ્રેરક બને છે, સ્ફૂર્તિદાયી નીવડે છે. મહારાષ્ટ્રની આજ સુધીની મહત્તાનો વારસો લઈને આવેલો આ આત્મા આજે સાને ગુરુજીના સ્વરૂપમાં મૂર્તિમંત ન હોય તો પણ સ્મૃતિરૂપે તો એ મહારાષ્ટ્રના હૃદયમાં ચિરકાળ ટકી રહેશે, ને મહારાષ્ટ્ર-જીવનનું રક્ષણ કરશે. ગુરુજીનું હૃદય માનું હૃદય હતું. એમની માતૃભાવના વ્યાપક અને તીવ્ર હોવાથી જ તેઓ સમગ્ર મહારાષ્ટ્રની મા બની શક્યા. જ્ઞાનેશ્વર પછી અનેક સૈકાઓ બાદ, મહારાષ્ટ્રને પરિપુષ્ટ કરનારી માતા મળી હતી. માનું શરીર જાય તો પણ એનો પ્રેમ અમર હોય છે અને એ પ્રેમ એનાં બાળકોનું રક્ષણ કરતો હોય છે ! એક માતા વિશેની પેલી કોઈ વાર્તા છે ને ? એના એક છોકરાએ અવિચારથી માને મારી નાખીને એનું કાળજું બહાર કાઢ્યું ! એ લઈને દોડતાં જતાં રસ્તામાં એને ઠોકર વાગી ને પેલું કાળજું એના હાથમાંથી નીચે પડ્યું. છોકરાને

ઠોકર વાગેલી જોઈને માનું એ કાળજું તરત બોલી ઊઠ્યું, "બેટા, સંભાળજે, હોં ! વાગ્યું નથી ને ?" શરીર છોડ્યાં પછી પણ પોતાના પુત્રનું રક્ષણ કરવાની આવી તાકાત માતૃહૃદયમાં હોય છે ! સાને ગુરુજી માનું હૈયું લઈને આવ્યા હતા. પોતાના મહારાષ્ટ્રરૂપી બાળકને ક્યાંય પણ ઠોકર ન વાગે, એ બાળક ખોટે માર્ગે જઈને અટવાઈ ન જાય તે માટે સાને ગુરુજીનો આત્મા પણ હંમેશ જાગૃત રહેશે.

## બાળપણ અને અભ્યાસ

મહારાષ્ટ્રને અનેક મહાન પુરુષો આપનારી કોંકણ ભૂમિએ જ મહારાષ્ટ્રની પુણ્યસમી આ મહાન વ્યક્તિ પેદા કરી. રત્નાગિરી જિલ્લાના દાપોલી તાલુકાના પાલગડ ગામમાં તા. ૨૪ ડિસેમ્બર, ૧૮૯૯ને રોજ પાંડુરંગ સદાશિવ સાનેનો જન્મ થયો. પિતાશ્રી વડવલી ગામના 'ખોત' (જમીનદાર) ખરા; પણ એ તો નામના જ ! જમીનદારીનો વૈભવ કોઈ દિવસ એમણે ચાખ્યો નહોતો. એમનામાં સહૃદયતા તો એટલી બધી હતી કે ગરીબો સાથે તેઓ સમાનતાના ભાવથી વર્તતા. ગુરુજીનાં મા ખૂબ પ્રેમાળ ને ભાવનાશાળી હતાં. ગુરુજીના જીવનમાં જે જે સદ્ગુણો પ્રગટ્યા તેનાં બીજ માતાપિતાએ એના નાનપણમાં જ એનામાં રોપ્યાં હતાં. પોતાનાં છોકરાં સત્યનિષ્ઠ, સહૃદયી થાય, એમને અહંકાર ન હોય, તેઓ વિદ્યાવિનયસંપન્ન હોય, ત્યાગી હોય, આજુબાજુના લોકો જોડે સમરસ થનારા હોય, આસપાસની સૃષ્ટિ સાથે એકરૂપતા અનુભવનારા હોય, સ્વાભિમાની હોય, મહેનત-મજૂરી માટે તેઓ આળસ ન કરે, કોઈ પણ કામને તેઓ હલકું ન ગણે એ માટે આ માતા ખૂબ કાળજી રાખતી. કોઈને તુચ્છ, હીન ન ગણવા, બીજાંની ભાવનાની હંમેશ કદર કરવી એવી શિખામણ એ માતા નાના નાના પ્રસંગો દ્વારા પોતાનાં બાળકોના મનમાં ઠસાવતી. માતાને પહેલો ગુરુ ગણવામાં આવે છે. આ છોકરાને મન એવું જ હતું. સાને ગુરુજીની માતાએ એમને અક્ષરજ્ઞાન આપ્યું નહિ હોય, મોટા મોટા ગ્રંથો વાંચવાનું શીખવ્યું નહિ હોય. પરંતુ શિક્ષણનો ખરો અર્થ વાંચવું લખવું એવો નથી. શિક્ષણ એટલે તો સંસ્કાર. સંસ્કારની આ મૂડી જેની પાસે છે તે ખરો સુશિક્ષિત. એ માતાએ

પોતાના પુત્રને આ સંસ્કારધન વિપુલ પ્રમાણમાં આપ્યું. એણે એને માનવતાની ઉપાસનાનો રસ ચખાડ્યો. પોતાના જીવનગ્રંથમાંથી અનેક સંસ્કારોના પાઠ એણે આ બાળકને આપ્યા.

પાંડુરંગને ઘરમાં સૌ અણ્ણા કહેતા, પંઢરી પણ કહેતા. પંઢરી ખૂબ જ માતૃભક્ત હતો. માતા એ એની દેવતા. પોતાની જન્મભૂમિ પાલગડમાં માની છાયામાં રહીને જ એણે મરાઠી શિક્ષણ લીધું. પછીના ભણતરનો સવાલ ઊભો થયો. પૂનામાં મામાને ત્યાં કેટલોક વખત પાંડુરંગ રહ્યો. પણ માની છાયામાં વધેલો બાળ પાંડુરંગ માથી દૂર પૂનામાં બહુ રહી ન શક્યો. ત્યાંથી એ પાછો ફર્યો. પાસે જ દાપોલી ગામમાંની મિશન સ્કૂલમાં એ ભણવા લાગ્યો. એ માટે દાપોલીમાં જ એને રહેવું પડતું. પણ રજાના દિવસે માને મળવા જવું અને એના પ્રેમનું ભાથું બંધાવીને એ પર પછીનું અઠવાડિયું વિતાવવું એમ શિક્ષણ ચાલતું હતું. દિવસે દિવસે ઘરની સ્થિતિ બગડતી જતી હતી. પૈસાટકાની મુશ્કેલી વધતી હતી. મોટા ભાઈએ તો નોકરી શરૂ કરેલી. બાળ પાંડુરંગે અંગ્રેજી પાંચમા ધોરણ સુધીની મજલ તો કાપી. પણ પછી આગળ ધપવું કઠણ બન્યું. રેલવેમાં ક્યાંક નોકરી મળે તો કરવી એમ પાંડુરંગને સૂચવવામાં આવ્યું. પરંતુ શિક્ષણ માટેની એની તાલાવેલી નોકરીના વિચારમાં આડે આવતી હતી. છેવટે પાંડુરંગે નક્કી કર્યું કે 'માધુકરી' માગીનેય પૂનામાં કે અન્યત્ર જઈને શિક્ષણ મેળવવું. શરૂઆતમાં થોડો વખત તેઓ ઔંધમાં રહ્યા. ત્યાં અન્નછત્રમાં ગમે તેવું તોયે મફત ખાવાનું મળતું હતું. પણ આગળ જતાં, ત્યાં અચાનક પ્લેગ ફાટી નીકળવાથી એમને પૂના જવું પડ્યું. અઠવાડિયામાં એક વાર અમુકને ઘેર તો બીજા વારે બીજાને ઘેર એમ સાત વાર જુદા જુદા સ્થળે જમવાનું ગોઠવીને આ નિશ્ચયી વિદ્યાર્થી પૂનામાં નૂતન મરાઠી વિદ્યાલયમાં ભણવા લાગ્યો. આ રીતે વાર ગોઠવીને જમનારા વિદ્યાર્થીઓના જીવનની કલ્પના શ્રીમંતોને તથા જેને સુખસગવડ છે એવાઓને નહિ આવે. કોઈ કોઈ વાર જમવાનું ન પણ મળે. એવું થાય તો સાને ગુરુજી મંદિરમાં જઈને બેસતા. જે મિત્રને ઘેર પોતે રહેતા હતા એને ખબર પડવા ન દે કે પોતે ભૂખ્યા છે. મિત્રને ત્યાં રહેવા છતાં

પણ એના પર બહુ બોજો ન નાખવો એવી એમની વૃત્તિ. કોઈ કોઈ વાર તો બજારમાં જે શાક સસ્તું મળે તે ખાઈને પેટ ભરવું, તો કોઈ વાર ગુવારની શિંગ ખાઈને જ દિવસો પસાર કરવા - માત્ર પોતાનો અભ્યાસ ધીમો પડવા ન દેવો એવું ત્યાગી, ખડતલ જીવન ચાલતું હતું. "सुखार्थिनः कुतो विद्या, विद्यार्थिनः कुतः सुखम्" એવી આ કઠોર સાધના હતી. છતાં, નિશાળમાં તો આ વિદ્યાર્થી ચમકતો હતો. શિક્ષકો પણ આ વિદ્યાર્થીના ગુણ જોતા હતા. પ્રાધ્યાપક દત્તો વામન પોતદાર એ વખતે શિક્ષક હતા. વિદ્યાર્થી સાનેના જવાબો વાંચીને તેઓ ખુશ થતા. એમાંનું એક જવાબ-પત્ર હજી એમણે સંઘરી રાખ્યું છે. પાંડુરંગને ભાષા જ્ઞાનમાં ઘણો રસ હતો. સંસ્કૃત ખૂબ ગમે અને એમાં પ્રગતિ પણ સરસ હોય. ૧૯૧૮ની સાલમાં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. પણ હવે આગળ શું ?

પૂનામાં એ વખતે ન્યૂ પૂના કૉલેજ હતી. આગળ જતાં એ સર પરશુરામભાઉ કૉલેજ તરીકે ઓળખાવા લાગી. ન્યૂ પૂના કૉલેજમાં આ વિદ્યાર્થી દાખલ થયો. કૉલેજ એટલે જાણે વિશ્વવિદ્યાલય. સમગ્ર વિશ્વમાંના જ્ઞાન જોડે, વિદ્યાઓ જોડે ત્યાં પરિચય થાય. પરંતુ વિશ્વવિદ્યાલયનો આ અર્થ કેટલા વિદ્યાર્થીઓના ધ્યાનમાં હોય છે ? આ વિદ્યાર્થીને તો વિદ્યા માટે, જ્ઞાન મેળવવા સારુ ખૂબ તાલાવેલી હતી. એક ક્ષણ પણ નકામી ન જાય એ માટે એની મથામણ ચાલતી જ હોય. વિદ્યાર્થી સાનેને શોધવા હોય તો કોઈ પણ સમયે વાચનાલય-ખંડમાં જવું એવી એમની પ્રસિદ્ધિ હતી. વિદ્યાપીઠે માન્ય કરેલાં પુસ્તકો તો આજકાલ કોઈ વાંચતું નથી. માર્ગદર્શિકા, ગાઈડ એ વડે જ અભ્યાસ ચાલે છે. ચાવી ચાવીને ખવડાવીએ તેમ તૈયાર જ્ઞાન અપાય છે. પણ સાનેનું એવું નહોતું. વર્ગમાં ચાલતા વિષય સાથે સંબંધ ધરાવતું એક પણ પુસ્તક વાંચવાનું તેઓ છોડતા નહિ. બી.એ.માં દાખલ થતાં એમને માટે એક નવો જ પ્રશ્ન ઊભો થયો. બી.એ.માં કયા વિષયો લેવા ? એ જ વર્ષે વિદ્યાપીઠે મરાઠી વિષય સાથે બી.એ. થવાની છૂટ આપેલી. છતાં બધા હોંશિયાર વિદ્યાર્થીઓ સંસ્કૃત તરફ દોડે. સાનેનું સંસ્કૃત સરસ હતું. એમણે સંસ્કૃત વાચન પણ ઘણું કર્યું હતું. સંસ્કૃત ભાષા પર પણ એમનું સુંદર પ્રભુત્વ હતું. એ

વિષય લેવામાં એમને કાંઈક લાભ થવાનો પણ સંભવ હતો. પરંતુ સાને ગુરુજીએ પોતાની માતૃભાષાનો અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. મરાઠી અને સંસ્કૃત વિષયો લઈને બી.એ.ની પરીક્ષા આપવાનું એમણે ઠરાવ્યું. પ્રાધ્યાપક પોતદાર એમને મરાઠી શીખવતા હતા. આવા હોંશિયાર વિદ્યાર્થીને જોઈને એમને ઉત્સાહ ચડ્યો. વાછરડું જોતાં જ જેમ ગાયના આંચળમાંથી દૂધની ધારા છૂટવા માંડે તેમ પોતદાર સાહેબનું થયું. શીખવવામાં એમને અનેરો ઉત્સાહ લાગ્યો. તે વખતે બી.એ.માં શીખવવા યોગ્ય મરાઠી પુસ્તકો પણ મળતાં નહોતાં છતાં વિદ્યાર્થીને નુકસાન ન થાય તે સારુ પણ ખાસ કરીને તો હોંશિયાર સાનેને નુકસાન ન થાય તે માટે પ્રા. પોતદારે इंग्रजी गद्याचा मराठी अवतार'' એ નામનું પુસ્તક લખ્યું. પ્રાધ્યાપક રા. કૃ. લાગુ સાને ગુરુજીના વર્ગમાં અંગ્રેજી શીખવતા. તેઓ પણ આ વિદ્યાર્થી પર ખુશ હતા. સાને બી.એ.ની પછી એમ.એ. પણ થયા.

## સાને સાહેબ

હવે શું કરવું એની ચિંતા પાછી હતી જ. પોતાની માતાને સુખી બનાવવા હેતુથી સાને ગુરુજી હોંશે હોંશે શીખતા હતા. પણ મેટ્રિક થતા પહેલાં જ અચાનક મા ચાલી ગઈ ! પિતાશ્રી પણ બાળ પાંડુરંગ ને એના ભાઈઓને છોડીને ચાલ્યા ગયા. સાને ગુરુજીના જીવનમાંથી તો જાણે સ્ફૂર્તિ જ ઊડી ગઈ. પરંતુ માનું સ્મરણ એમને શાંત બેસવા દે એમ નહોતું. કેવળ એ પાર્થિવ શરીર એટલે જ શું માતા ? - ના ! "આ દેશમાં બીજી કેટલીયે માતાઓ છે એ બધી પણ મારી જ માતાઓ છે." એ પ્રકારનું અદ્વૈતજ્ઞાન પોતાની માની શિખામણમાંથી જ એમને મળ્યું હતું અને માના પાર્થિવ દેહની સેવા બજાવવા કરતાં પણ "મા" એ ભાવનાની પૂજા શ્રેષ્ઠ છે એ ઓળખીને એમણે પોતાનું શિક્ષણ આગળ ધપાવ્યું. શિક્ષણ પૂરું કર્યું પણ એ શિક્ષણ લેવાથી એમને થયું કે આપણી સંસ્કૃતિનો, તત્વજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. અમલનેરના તત્ત્વજ્ઞાન મંદિર તરફ એમનું ધ્યાન ગયું. પદવીધર વિદ્યાર્થીઓને ત્યાં પ્રવેશ મળતો. ભારતના અનેક પ્રાંતોમાંથી આવા પદવીધરો ત્યાં આવતા. એમના

નિર્વાહની વ્યવસ્થા પણ ત્યાં થતી. ત્યાં એક વાચનાલય હતું. ત્યાં ભણવા આવનારાઓને રહેવા માટે સુંદર મોટી ઓરડીઓ હતી. તત્ત્વજ્ઞાનમંદિરમાં સાને મશગૂલ થઈ ગયા. વિવિધ ગ્રંથોનું અવલોકન કરવું, જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા પદવીધર ભાઈઓનો પરિચય કરી લેવો, ભારતની એકતા અનુભવવી, હાસ્યવિનોદ કરવો, આનંદથી વખત પસાર કરવો એવો એમનો કાર્યક્રમ ચાલતો. પણ ટૂંક વખતમાં જ એમના જીવનમાં એક ક્રાંતિ થઈ.

કેવળ તત્ત્વચિંતન શા કામનું ? લૂખું તત્ત્વજ્ઞાન મેળવીને શું કરવાનું ? એવું એમને થયું. એ તત્ત્વજ્ઞાન આપણા જીવન દ્વારા વ્યક્ત થવું જોઈએ. વાચનાલયમાં બેસીને પુસ્તકોમાંથી જરાપણ માથું બહાર ન કાઢનારું તત્ત્વજ્ઞાન નકામું છે, એવું એમને લાગ્યું. ભારતનું અદ્વૈત જ્ઞાન એમને આકર્ષતું હતું પણ આ અદ્વૈત પ્રત્યક્ષ અનુભવવાની એમની તાલાવેલી હતી. અદ્વૈતનો અભ્યાસ કરવાની ઇચ્છા એમને તત્ત્વજ્ઞાન મંદિરમાં લઈ આવી અને એ અદ્વૈતનો પ્રત્યક્ષ અનુભવ કરવાની ઇચ્છાએ એમને ત્યાંથી બહાર કાઢ્યા !

ખાનદેશ શિક્ષણ મંડળની શાળામાં સાને શિક્ષક બન્યા. તત્ત્વજ્ઞાની સાને હવે શિક્ષક સાને બન્યા. જોતજોતામાં તેઓ વિદ્યાર્થીઓમાં પણ પ્રિય થઈ પડ્યા. વિષય સાથે તાદાત્મ્ય કેળવવાની એમની શક્તિ અલૌકિક હતી. એમની વૃત્તિમાંના આ તાદાત્મ્યને લીધે વિદ્યાર્થીઓ પણ સાને ગુરુજી જે વિષય શીખવતા તેની સાથે સમરસ બની જતા. અમલનેરની શાળા સાથે જોડાયેલું એક છાત્રાલય પણ હતું. હેડમાસ્તર ગોખલેએ સાને શિક્ષકને હળવે હળવે છાત્રાલય તરફ આકર્ષ્યા, અને ટૂંક વખતમાં જ સાને છાત્રાલયના ગૃહપતિ બન્યા. જાણે વિદ્યાર્થીજીવનનો બગીચો ફુલાવનાર બાગવાન બન્યો. એમને તો પોતાને મનગમતું કાર્ય મળ્યું. એ કામમાં તેઓ રચ્યાપચ્યા રહેતા. પોતાના વિદ્યાર્થીઓ ત્યાગી, સંયમી, નિર્ભય, દેશપ્રેમી ને જ્ઞાનવિજ્ઞાનસંપન્ન કેવી રીતે થાય એનો સતત વિચાર તેઓ કરવા માંડ્યાં. છાત્રાલયનું સ્વરૂપ એમણે બદલી નાખ્યું. પહેલાંના ગુરુકુલ જેવું એ છાત્રાલય બનવા લાગ્યું. વિલાસપ્રિય યુવાનો

હવે ત્યાગી બનવા લાગ્યા, સાહસપ્રિય યુવકો સંયમી બનવા લાગ્યા, ધ્યેયશૂન્ય નવયુવકો ધ્યેયવાદી બનવા લાગ્યા. વિદ્યાર્થીઓમાં અંદર અંદર ભેદભાવ ન રહ્યો. સૌ સમાન બન્યા. પ્રત્યક્ષ સેવાકાર્ય શરૂ થયું. સફાઈ શરૂ થઈ. ઠોકી બેસાડેલી શિસ્તની જગાએ હવે સ્વેચ્છાથી સ્વીકારાએલાં બંધનો આવ્યાં. જીવનના વિકાસ માટે આવાં બંધનો જરૂરી ગણીને વિદ્યાર્થીઓ રાજીખુશીથી સંયમી જીવન ગુજારવા લાગ્યા. સ્વાવલંબન, બંધુભાવ, સેવાવૃત્તિ વડે વિદ્યાર્થીજીવન સંપન્ન થવા લાગ્યું. પણ શાળામાંના નાનકડા ક્ષેત્રનો અભ્યાસ કેવી રીતે પૂરતો થાય ? શાળાના શિક્ષણની બહાર પણ જ્ઞાનનો કેટલો મોટો સાગર પડ્યો હતો ! છતાં એ જ્ઞાનરાશિ તરફ વિદ્યાર્થીઓને કોણ લઈ જાય ? એને માટે તો શાળાના નક્કી થયેલા પાઠ્યક્રમને ઓળંગીને જવું જોઈએ. સાને ગુરુજીને પ્રાર્થના બાદ અગર પ્રસંગોચિત અન્યત્ર થોડું ઘણું બોલવાનું થતું. પણ શિક્ષક સાનેને મન એ પૂરતું નહોતું. વિદ્યાર્થીજીવનનો ફૂલબાગ વિકસાવવાને જરૂરી ને સમર્થ એવા અનેક ભાવ એમના હૃદયમાં ઊભરાતા હતા. એમને થયું કે જગતની પરિસ્થિતિ શું છે તેનો ખ્યાલ વિદ્યાર્થીઓને હોવો જોઈએ. વિચારોની જે અનેક ધારાઓ બધે વહી રહી છે એનો પરિચય એમને હોવો જોઈએ, જગતના જ્ઞાનમાં ઉમેરો કરનારાઓની માહિતી વિદ્યાર્થીઓને હોવી જોઈએ, ભારતને વિજ્ઞાનની દીક્ષા આપવાની હોય તો વિજ્ઞાનનો રસ પણ વિદ્યાર્થીઓમાં જાગવો જોઈએ. વળી, દુનિયાના મહાન પુરુષોનાં જીવનચરિત્રો વાંચીને વિદ્યાર્થીઓને એમાંથી પ્રેરણા મળવી જોઈએ. પણ આ બધું શી રીતે કરવું ? એ માટે કોઈ કાયમી યોજના જોઈએ. સૂરજ રોજ ઊગે છે માટે એ સૌનાં જીવન ખીલવી શકે છે. નિત્યની એવી કઈ યોજના આ અંગે કરી શકાય ? આ વિચાર સાને સાહેબને સ્વસ્થ બેસવા દેતો નહોતો.

અને સાને સાહેબ હવે જુદા જ કામે લાગ્યા. રામનામ લખવામાં એમણે કાગળોના કાગળો ભરી કાઢ્યા ! આ રામનામ શા સારુ ? મરણ બાદ પુણ્ય મળે તેથી ? ના ! રામનામ વડે કાગળોના ઘા ને ઘા ભરી નાખતી વખતે એમને એ જોવું હતું કે પોતે કેટલા વખતમાં કેટલું લખી

શકે છે ! અક્ષરો છૂટા છૂટા, સરળ, મરોડદાર અને સુવાચ્ય હોવા સાથે પણ ઝડપથી કેવી રીતે લખી શકાય એનો અભ્યાસ આ રીતે ચાલી રહ્યો હતો ! અને એક દિવસ અચાનક "છાત્રાલય દૈનિક"નો અંક પરોઢિયામાં જ વિદ્યાર્થીઓની નજરે પડ્યો. એક કલમે ને સુંદર અક્ષરોથી લખાયેલો એ સમગ્ર અંક જોઈને વિદ્યાર્થીઓને નવાઈ લાગી. આનંદ પણ થયો. છાત્રાલય દૈનિક પર વિદ્યાર્થીઓ તૂટી પડતા ! એમાંના વિવિધ વિષયો જોડે તેમને પરિચય થવા માંડ્યો. એમનાં જીવન-ઉદ્યાન ખીલવા લાગ્યાં. સદ્‌ગુણના રોપ ત્યાં વિકસી રહ્યા હતા. એ દૈનિકમાં છાત્રાલયવૃત્ત પણ અવારનવાર આવતું. કોઈનો નામનિર્દેશ ન હોય તો પણ કોણ કેવી રીતે વર્તે છે તેનું વર્ણન આવતું. કોઈની વર્તણૂક સારી હોય તો તેને એમાં શાબાશી મળતી. કોઈએ ભૂલ કરી હોય તો તેને ચેતવવામાં આવતો. સાને સાહેબ વિદ્યાર્થીઓ જોડે એકરૂપ બની રહ્યા હતા. વિદ્યાર્થીઓનાં ફાનસ કાળાં પડી ગયાં હોય તો એ ચોખ્ખાં થઈ જતાં. એમનાં ગંદાં કપડાં ધોવાઈ જતાં. વિદ્યાર્થીઓને અપ્રત્યક્ષ રીતે શિક્ષણ મળી રહ્યું હતું. એક વાર છાત્રાલયનો નોકર ગોપાળ માંદો પડ્યો. સૌ છોકરાઓ અને સાને સાહેબે મળીને ખૂબ આત્મીયતાથી ને મન દઈને એની સેવા શુશ્રૂષા કરી. આમ ત્યાં સમભાવ હતો. 'છાત્રાલય દૈનિક'ની શક્તિ આ રીતે પ્રગટ થઈ. તત્ત્વજ્ઞાન હવે વ્યવહારમાં ઊતરવા માંડ્યું. આવું સાહિત્ય મહારાષ્ટ્રમાં બધે જવું જોઈએ એમ ઘણાને થયું. વિદ્યાર્થીવર્ગનું જીવન તેજસ્વી બનવું જોઈએ એમ બધાને લાગ્યું. પરિણામે ૧૯૨૮ સાલના નવેમ્બર માસમાં **'વિદ્યાર્થી'** નામનું માસિક શરૂ કરવામાં આવ્યું.

આ 'વિદ્યાર્થી' માસિકમાંના તેજસ્વી વિચારો બધે ફેલાવા લાગ્યા. દેશપ્રેમની ભાવના પ્રસરવા લાગી. બીજી બાજુ દેશમાંનું વાતાવરણ પણ ગરમ થતું જતું હતું. આફ્રિકામાંથી સત્યાગ્રહનું શસ્ત્ર લઈને ગાંધીજી આવ્યા હતા. બિહારના ચંપારણ જિલ્લામાં અને ગુજરાતમાં એ શસ્ત્ર અજમાવવામાં આવ્યું હતું. ગાંધીજી પોતાના હાથમાં દેશનાં સૂત્રો લઈ રહ્યા હતા. ૧૯૨૮માં કલકત્તામાં હિંદી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન મળ્યું. પંડિત મોતીલાલજી પ્રમુખસ્થાને હતા. બીજે વર્ષે ૩૧મી ડિસેમ્બર, ૧૯૨૯ને રોજ લાહોરમાં


Acc. No. 130210
Date

રાવી નદીને કિનારે કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. જવાહરલાલ નહેરુ એના પ્રમુખ હતા. 'નવજીવન' દ્વારા ગાંધીજી નવવિચારનો પ્રચાર કરી રહ્યા હતા. એ પહેલાં જ એમણે સર્વત્ર રેંટિયો શરૂ કરાવ્યો હતો. સૂતરતના તાર જોડે એમણે નવ વિચાર ગૂંથ્યો. દેશમાં "યૂથ લીગ"ની ચળવળ શરૂ થઈ. બધે ચૈતન્યનો સંચાર થઈ રહ્યો હતો. અમલનેરની શાળામાં પણ રાષ્ટ્રીય વાતાવરણ હતું. ત્યાંના વિદ્યાર્થીજીવનમાં પણ ચેતન આવતું હતું. ત્યાં તો લાહોરમાં સંપૂર્ણ સ્વરાજનો ઠરાવ પાસ થયો. લડાઈનાં વાદળ ઘેરાવા લાગ્યાં. ઇતિહાસ પ્રસિદ્ધ "દાંડીકૂચ" નીકળવાની હતી. અમલનેરની શાળામાંના શ્રી હરિભાઉ મોહની એ કૂચમાં સામેલ થવાને મેદાને પડ્યા. આ બધાથી સાને સાહેબ પણ વિચારમગ્ન થઈ ગયા. હિંદુસ્તાનનાં દુઃખો, એની ગરીબાઈ એ બધું દૂર કરવું હોય તો પરદેશી સત્તાને હટાવવી જોઈએ, સ્વરાજ્ય હોવું જોઈએ એ વિચાર એમને સતત આવતો. વળી, સ્વરાજ્ય માટેનો આવો સંગ્રામ પાસે આવ્યો હોય ત્યારે નિર્જીવ પુસ્તકો શીખવીને શું થાય ? જીવતો જાગતો ઇતિહાસ રચાતો હોય ત્યારે વિદ્યાર્થીઓ પાસે જૂનો ઇતિહાસ ગોખાવવાથી શું વળે ? એ પ્રશ્નો પણ સાને ગુરુજીને મૂંઝવતા હતા. ગરીબોનું દર્દ જોઈને તેઓ ખૂબ અસ્વસ્થ થઈ ગયા હતા. એમણે લડતમાં ઝંપલાવવાનું નક્કી કર્યું; અને એક દિવસ નિશાળને, છાત્રાલયને 'રામરામ' કરીને વિદાય લીધી. જવાના આગલા દિવસે આખી રાત જાગીને એમણે "છાત્રાલય દૈનિક"નો સમગ્ર આખરી અંક લાલ શાહીથી લખી નાખ્યો. અમલનેરના બધા મિત્રોને મળી લીધું. એમના પ્રત્યેની કૃતજ્ઞતાના પ્રતીક તરીકે સાને ગુરુજીએ દરેકનાં પગથિયાં પર બબ્બે ફૂલ મૂક્યાં.

## સ્વાતંત્ર્ય સંગ્રામમાં

ગુરુજી નિશાળ છોડીને ગયા. શાળાનું મર્યાદિત ક્ષેત્ર છોડીને તેઓ હવે વ્યાપક સમાજશિક્ષણના કાર્યમાં પડ્યા. એમની વાણી બધે સંભળાવા લાગી. તેઓ ખાનદેશમાં ફરવા લાગ્યા. સ્વાતંત્ર્યનું વાતાવરણ પેદા કરવાની એમની અભિલાષા હતી. એવામાં એક સભામાં એમને પકડવામાં આવ્યા. ત્રિચિ જેલમાં અનેક પ્રકારના કેદીઓ હતા. તામિલ, તેલુગુ, મલયાલમ,

કન્નડ માતૃભાષાવાળા સંખ્યાબંધ કેદીઓ ત્યાં હતા. ત્યાં ગુરુજી દક્ષિણની આ ભાષાઓના સંપર્કમાં આવ્યા. અમલનેરમાં હતા ત્યારે ગુજરાતી ને બંગાળી ભાષાઓનો સંપર્ક એમણે સાધ્યો હતો. તત્ત્વજ્ઞાન મંદિરના શ્રી ચંદ્રોદયે એમને બંગાળીનો પરિચય કરાવેલો. હવે આ દક્ષિણની ભાષાઓને એની જનતા સાથે ગરુજીએ પોતાનો સંબંધ જોડ્યો. વિવિધ ભાષાઓ છતાં પણ ભારતનું હૃદય એક જ છે, અને બધે એક જ સંસ્કૃતિથી ભારત શોભી રહ્યો છે એ એમણે અહીં જોયું. એમને થયું કે આ ભાષાઓનો જો અભ્યાસ કરવામાં આવે, એકમેકના સાહિત્યનો અભ્યાસ કરવામાં આવે તો જ દૂર દૂર પડેલા ભારતના સૌ ભાઈઓ પરસ્પર એકબીજા સાથે હૃદયમિલન કરી શકે. અને એમ થાય તો જ, મરાઠી-કાનડી અને ગુજરાતી-મરાઠીના ઝઘડા પણ ચાલ્યા જાય. મહારાષ્ટ્રીય માણસ મદ્રાસીનો દ્વેષ નહિ કરે, બંગાળી માણસ મહારાષ્ટ્રીય માણસને ડાકૂ કહીને નહિ હીણવે. પણ આવું ઉદાર શિક્ષણ આપનારી સંસ્થા આ દેશમાં ક્યાં છે ? ગુરુદેવ રવીન્દ્રનાથની "વિશ્વભારતી" ભારતને વિશ્વ જોડે સાંકળી લેવાનું મહાન કાર્ય કરી રહી છે; પણ આપણી આંતરિક સાંકળ ક્યારે જોડાશે ? એ માટે યોજના જોઈએ. સાને ગુરુજીની આંખો સમક્ષ આ પ્રકારની સંસ્થાનાં વિવિધ ચિત્રો ખડાં થતાં. 'પ્રાંતભારતી', 'આંતરભારતી' જેવી કોઈ એકાદ સંસ્થા દેશમાં હોવી જોઈએ એમ એમને લાગ્યા કરતું. ત્રિચિ જેલમાં કેટલાય જણ જોડે એમણે મિત્રતા બાંધી. છૂટકારાનો દિવસ ઊગ્યો. કોઈએ એમને પૂછ્યું, "છૂટ્યા પછી બહાર રહીને શું કરશો ?" સાને ગુરુજીએ જવાબ આપ્યો, "પ્રેમધર્મનો, સત્યધર્મનો પ્રચાર કરીશ." તેઓ છૂટ્યા. પરંતુ છૂટ્યા બાદ પણ સ્વસ્થતા શેની હોય ? ફરી પાછું પ્રચાર કાર્ય તો હતું જ. જેલમાં હતા ત્યારે અનેક વિચારો, વિધવિધ કલ્પનાઓ એમને સ્ફૂરતી. દેશની આઝાદી માટે સૌએ જાગતા રહેવાની કેટલી જરૂર છે એનો તેઓ વિચાર કરતા. સ્ત્રીઓએ ને બાળકોએ પણ સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લેવો જોઈએ એમ એમને થતું. પણ તેમને લડત તરફ કેવી રીતે આકર્ષવાં ? ગાંધીજીએ તો સૌ ભાગ લઈ શકે એવા સ્વરૂપની ચળવળ શોધી કાઢી હતી. પણ સૌને નવા વિચારો આપીને કોણ જાગૃત કરે ?

## રાષ્ટ્રગીતોનું નિર્માણ

૧૯૩૨ની સાલ આવી. ગાંધીજી વિલાયતમાં ગોળમેજી પરિષદમાં હાજરી આપીને પાછા આવ્યા હતા. એમણે ત્યાં અપૂર્વ કાર્ય કર્યું હતું. પણ સરકારને ગાંધી-ઈર્વિન કરાર ખટકતો હતો. એક નાગા ફકીર આગળ સામ્રાજ્ય સરકાર નમી પડે એ વસ્તુનો જ એને ડંખ હતો. કરાર કલમોનો ભંગ થવા માંડ્યો. છતાં ગાંધીજીના આદેશાનુસાર દેશમાં શાંતિથી કામ ચાલી રહ્યું હતું. ગાંધીજી આવવાના હતા એ અરસામાં સરકારે જવાહરલાલ નહેરુને પકડ્યા. ગાંધીજીને મળવાની વાઈસરોયે ના પાડી. લડત આવી. મહારાષ્ટ્રમાં વાનરસેનાઓ ખડી થઈ. એમને માટે સ્ફૂર્તિદાયક ગીતો રચાયાં. પ્રભાતફેરીઓ, સાયંફેરીઓ નીકળવા માંડી. ૧૯૩૦ની જેલમાં સાને ગુરુજીએ કેટલાંક ગીતો લખ્યાં હતાં. એ ગીતો ખૂબ સ્ફૂર્તિદાયક, ઓજસ્વી છે, સ્વાતંત્ર્ય માટેનો દૃઢ નિશ્ચય વ્યક્ત કરનારાં, પ્રાણદાયી છે. 'आम्ही मांडूं निर्भय ठाण देउ हो प्राण' એ કવિતામાં તો અપાર જુસ્સો ને તેજ છે.

એ કવિતામાં સાને ગુરુજીએ બુલંદ અવાજે કહ્યું કે, ચાલો આપણે સ્વાર્થની હોળી કરીએ ! છાતી પર ગોળી ઝીલીએ, ને મૃત્યુ સાથે ગેલ કરીએ !! માભોમ માટેની આ બલિદાન ભાવના ઠેર ઠેર વ્યક્ત થવા લાગી. સ્વરાજના સિપાઈઓની સેના ખડી થવા લાગી. નાના મોટા સૌ આ ગીતોનો જયઘોષ કરવા લાગ્યા. ગુરુજીનું બીજું ગીત પણ એવું જ પ્રભાવશાળી હતું : 'स्वातंत्र्याचे आम्ही शिपाई सुखवुं प्रियतम भारत माई" આ કૂચગીત તો તે વખતે મહારાષ્ટ્રના અસંખ્ય નવલોહિયાને મોઢે થઈ ગયું હતું. એમાં વ્યક્ત થએલો ગુરુજીનો લોખંડી નિર્ધાર જુઓ : "કાળનાં બંધનોને ધક્કા મારીને, એને ફગાવી દઈને, મરણને પણ આપણે મારી નાખીએ ને આગેકૂચ કરતા જઈએ ! હે દોસ્તો, યાર ચાલો રણમેદાને ! આપણી ભારતમાતાને સુખી બનાવવા ઊતાવળ કરો !"

આવા નિશ્ચયી વીરો ઠેર ઠેર નિર્માણ થાય એ જોવાને ગુરુજી રાતદિવસ જહેમત ઉઠાવી રહ્યા હતા. ખાનદેશમાં વીજળી વેગે તેઓ ફરી રહ્યા હતા. સ્વરાજ્યનો નિનાદ સૌને કાને પહોંચાડતા હતા. એટલામાં

સરકારે એમને અટકાયતમાં લીધા. ધુળિયા જેલમાં એમની રવાનગી થઈ.

## ધુળિયા જેલમાં સાને 'ગુરુજી' બન્યા

એ અરસામાં ધુળિયાની જેલ જાણે એક મોટી નિશાળ જ બની ગઈ હતી. રાષ્ટ્રીયશાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ ત્યાં ભેગા થયા હતા. સમૂહજીવનનો આનંદ લૂંટવા મળતો હતો. એ વખતે તપોમૂર્તિ વિનોબા ભાવે પણ ધુળિયા જેલમાં હતા. જેલર કરતાં એમની પ્રેમની સત્તા વધુ અસરકારક નીવડી હતી. આવા વાતાવરણમાં સાને સાહેબ તો ખૂબ મસ્ત બન્યા. સત્યાગ્રહીઓએ ચક્કી પીસવાનું કામ લેવું એમ વિનોબાજીએ સૂચવ્યું. એ મુજબ સત્યાગ્રહીઓ તૈયાર થયા. ચક્કી પીસનારાઓની આ ટૂકડીમાં સાને સાહેબ પણ જોડાયા. અત્યાર સુધી તેઓ 'સાને સર' જ હતા. પણ રાષ્ટ્રીયશાળાઓમાં શિક્ષકોને ગુરુજી કહે છે, એટલે સાને હવે ધુળિયા જેલમાં 'સાને ગુરુજી' બન્યા. જેલમાંના સત્યાગ્રહીઓ સાને ગુરુજી તરફ ખૂબ જ આકર્ષાયા. દળવા માટે આવનારા યુવકોને ગુરુજી વિવિધ વાતો કહેતા. ગુરુજીની વાતો સાંભળવા મળે એ માટે કેટલાય યુવાનોએ ચક્કીનું કામ માગી લીધેલું ! આમ દિવસો પસાર થતા હતા. વિનોબાજીનાં ગીતા પરનાં પ્રવચનો યોજાયાં. દર રવિવારે ગીતાના એકેક અધ્યાય પર એમનું એકેક પ્રવચન રાખવાનું ઠરાવવામાં આવ્યું. આ તો અપૂર્વ યોગ હતો. વિનોબાજી તો ગીતાના આચાર્ય. એમના જેટલો ગીતાનો અભ્યાસ બહુ થોડા લોકોએ કર્યો હશે. એમનાં પ્રવચનો સાંભળવાને શી ભીડ જામે ! પણ એ આનંદ કેટલો વખત ટકી શકે ? ફરી ફરી એ આનંદમાં ડૂબકી મારવાનું કેમ બને ? સાને ગુરુજી એ પ્રવચનો સાંભળતા હતા. એક ખૂણામાં કાગળ પેન્સિલ લઈને તેઓ બેસતા. એમને તો જાણે અમૃત જ મળ્યું ! અત્યંત એકાગ્રતાથી તેઓ વિનોબાજીની વાણી 'અક્ષર' કરી રહ્યા હતા. વિનોબાજીનાં આ અમર પ્રવચનો સાને ગુરુજીને લીધે જ મહારાષ્ટ્રને મળી શક્યાં. સાદી સહેલી અને સરળ ભાષામાં અત્યંત આત્મીયતાથી ને હૃદયપૂર્વક એમણે વિનોબાજીના વિચારો રજૂ કર્યા. ભક્તિભાવે ને પ્રેમભાવે ગુરુજીએ એ વિચારો પુસ્તકાકારે ફેલાવ્યા. આ પ્રવચનો મરાઠી ભાષાનું ગૌરવ વધારનારાં બની ચૂક્યાં છે.

## આરાધ્ય દેવતા

પોતાના જીવનમાં સાને ગુરુજીએ ત્રણ વ્યક્તિઓને આદર્શ, આરાધ્ય દેવતા તરીકે માની હતી. રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધી. રામકૃષ્ણ પરમહંસ એટલે બોલતું ચાલતું અદ્વૈત. સર્વધર્મસમભાવ એ એમના જીવનનો આધાર. એવા પુણ્યપુરુષ પાસે સંકુચિતતા તો ક્યાંથી હોય ? ગુરુજી પણ પોતાના જીવનમાં આવી કોમ-ધર્મ નિરપેક્ષતા અનુભવવા માગતા હતા. સંકુચિત વાતાવરણમાં તો તેઓ ગૂંગળાઈ જતા. પ્રાણીમાત્ર સૌમાં સમભાવ જોવાની એમની ઝંખના હતી. રામકૃષ્ણનું જીવન એમને અનુકરણીય લાગ્યું. બીજી બાજુ રવીન્દ્રનાથ એટલે ભારતની સૌંદર્ય શક્તિ. કુદરત, તારાઓ, પવન, ભાવના વગેરેથી ઓતપ્રોત એવું રવીન્દ્રનાથનું જીવન. ગુરુજીને પણ આ બધું બહુ પ્રિય હતું. અને ગાંધીજી એટલે તો સેવામૂર્તિ. એમણે દર્દીઓની શુશ્રૂષા કરી. એમણે સંડાસ પણ સાફ કર્યાં. કોઈ પણ સેવા કાર્ય એમને તુચ્છ, હલકું ન લાગ્યું. ગાંધીજી એટલે જાણે ભારતીય સંસ્કૃતિના આત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ. ગુરુજીની આ ત્રણ આદર્શ મૂર્તિઓ હતી. એ ત્રિમૂર્તિનો એક પરાર્ધાંશ પણ પોતાનામાં ઊતરે એ એમની અખંડ તાલાવેલી માટે તેઓ સતત મથામણ કરતા.

## નાશિક જેલમાં

પછી ગુરુજી નાશિક જેલમાં ગયા. મંહારાષ્ટ્રના ભાવિકોને મન તો નાશિકનું મહત્ત્વ ઘણું છે. વાનર જોડે મિત્રતા બાંધનાર પ્રભુ રામચંદ્ર બાર વર્ષ અહીં રહ્યા. વનવાસ વખતની આ તપશ્ચર્યાને પરિણામે જ રાવણનો નાશ થયો. ભગવાન રામચંદ્રનાં પગલાંથી પુનિત થયેલી આ ભૂમિ ! ગુરુજીના ભાવનાશાળી મનને નાશિક એટલે પુણ્યભૂમિ લાગતી. એમના મનમાં ઘૂઘવતા ભાવના સાગરની ત્યાં જાણે ભરતી આવેલી ! બગીચામાં કામ કરતાં કરતાં ગુરુજી એક મરાઠી ચરણ ગણગણ્યાં કરે. એમાંનો ભાવ એ હતો કે "રામ ને સીતાનાં જ્યાં પગલાં પડ્યાં છે એવી આ ભૂમિમાં આળોટવું મને ખૂબ ગમે છે.'

આ પંક્તિને વારંવાર યાદ કરતાં ગુરુજી ભાવનાવશ થઈ જતાં. જમીન પરની માટી લઈને તેઓ પોતાના કપાળે લગાડતા. તે વખતે એમનાં મનઃચક્ષુ આગળ એમની માતા, ભારતમાતાને વિશ્વમાતા ખડાં થતાં. ૧૯૩૩ની સાલ હતી. 'મા'ની યાદથી ગુરુજીની આંખો ભીની બનતી. માનાં અસંખ્ય સ્મરણો એમના મનમાં જાગતાં હતાં. જેલમાંનું પોતાનું કામ પૂરું કરીને તેઓ રોજ લેખનકાર્ય કરવા માંડ્યા. ભરેલું હૈયું ખાલી કરવા લાગ્યા. 'મા'ની પ્રેમાળ સ્મૃતિઓ એમણે લખવા માંડી. જેલના કામ બાદ જે થોડોઘણો ફુરસદનો વખત મળ્યો તેનો ઉપયોગ કરીને માત્ર સાડાત્રણ દિવસમાં જ એમણે મરાઠી ભાષામાંનો એક અમર ગ્રંથ પૂરો કર્યો ! જાણે પોતાનું હૃદય જ તેઓ કાગળ પર રેડી રહ્યા હતા! એમનું 'श्यामची आई' પુસ્તક વાંચ્યું ન હોય એવો કમભાગી માણસ મહારાષ્ટ્રમાં તો નહીં જ હોય ! માતાના મૂલ્યવાન ઉપદેશનું, સરળ સાદી ને સુંદર સંસ્કૃતિનું એક કરુણ ને પ્રેરક કથાત્મક ચિત્ર એમણે એમાં આલેખ્યું છે. માતાનો મહિમા ગાનારો આ વેદ આજે મહારાષ્ટ્રમાં ઘેર ઘેર પહોંચી ગયો છે. અનેક લોકોના જીવનમાં આ પુસ્તકે ક્રાંતિ આણી છે. આ પુસ્તક વાંચીને જેનું હૈયું ને આંખો ભીની ન થઈ હોય એવો માણસ મહારાષ્ટ્રમાં જડશે નહિ. નાશિક જેલમાં સાને ગુરુજીની પ્રતિભા જાણે પૂરબહારમાં ખીલી હતી ! જ્ઞાનેશ્વરે સાડા ત્રણ ચરણોની 'ઓવી'માં સમગ્ર જીવનશાસ્ત્ર બતાવ્યું. એમની પછી આટલાં ટૂંકાં વાક્યોમાં, સહેલી ભાષામાં, ક્વચિત્ જ કોઈએ લખ્યું હશે. ગુરુજીના વાક્યપ્રયોગો હંમેશ ટૂંકા, સહેલા ને ઘરગથ્થુ શૈલીવાળા હોય. પોતાનાં લખાણ વડે તેમણે મરાઠીમાં નવા પ્રકારની લેખનશૈલીનો ચીલો પાડ્યો. 'श्यामची आई'લખ્યા બાદ એમણે 'घडपडणारी मुलें' એ નામની નવલકથા ત્રણ ભાગમાં લખી. 'પત્રી' નામના એક કાવ્યસંગ્રહમાંની ઘણી કવિતાઓ એમણે આ જ અરસામાં લખેલી. પોતાના હૃદયાકાશમાં રેખાતાં વિધવિધ દૃશ્યો એમણે એમના લખાણોમાં આલેખ્યાં. ધ્યેયની વિવિધ કલ્પનાઓ એમણે પોતાના અક્ષરો દ્વારા ચિરકાલીન બનાવી. એમનાં કાવ્યો એટલે એમનું હૃદય પ્રગટ કરનારું જાણે દૂરબીન ! ખરો ધર્મ શો છે એ એમણે

પોતાની એક કવિતામાં સચોટ રીતે કહ્યું છે. 'खरा तो एकचि धर्म, जगाला प्रेम अर्पावें' એ કવિતામાં સાને ગુરુજી જગતને પ્રેમની બક્ષિસ આપવાનું આહ્વાહન કરે છે. એને જ તેઓ સાચો ધર્મ માને છે.

## ગુરુજીની ભાવના

ગુરુજીનો આત્મા દીનદરિદ્રો માટે કકળી ઊઠતો. દેશમાં થતો અન્યાય, દરિદ્રતા એ દૂર કરવાને પોતાના દેહનું બલિદાન આપવાની એમની તમન્ના હતી. ભારતની સેવા કરતાં કરતાં પોતાનો દેહ પડે એવી એમની અભિલાષા હતી, તાલાવેલી હતી. ભારત ભૂમિને ઉદ્દેશીને તેઓ કહેતા, "પ્રિય ભારત ! તારી સતત નિષ્ઠાપૂર્વક સેવા કરીને હું સુખેથી મરીશ."

પોતાના આ ધ્યેયનો સાક્ષાત્કાર એમણે કર્યો હતો. ભારતની સેવા કરવી એટલે શું કરવું એનો સ્પષ્ટ ખ્યાલ એમને હતો. ભારત માતાને સુખી બનાવવી એટલે દેશની સમગ્ર જનતાને સુખી બનાવવી. ગરીબ ભાઈઓને સુખી બનાવવાની પોતાની અખંડ મથામણ વિશે તેઓ એમની કવિતામાં નિશ્ચયપૂર્વક કહે છે : "જ્યાં સુધી મારાં ભાઈ બહેનોને પેટ પૂરતું ખાવાનું મળતું નથી, એમનાં શરીર પર પૂરતાં કપડાં નથી, જ્યાં સુધી શ્રીમંતો ને સત્તાધારીઓ એમને સેંકડો માર્ગે રડાવે છે, ચૂસી લે છે, જ્યાં સુધી એમનાં ઝૂંપડાંઓમાં જ્ઞાનકિરણો પહોંચ્યાં નથી ને તેઓ અંધારામાં દટાયેલાં પડ્યાં છે ત્યાં સુધી હું સ્વસ્થતાથી ઊંઘીશ નહિ, અંતરમાં બળતો રહીશ, સુખ સમૃદ્ધિને લાત મારીને ફેંકી દઈશ." આવા તેજસ્વી નિશ્ચય સાથે સાને ગુરુજી નાસિક જેલમાંથી બહાર નીકળ્યા. મૂળથી જ એમનું વ્યક્તિત્વ પ્રકાશમાન હતું. એનાં વધુ પાસાં આ જેલયાત્રામાં ચમક્યાં. વિનોબાજીના સાંનિધ્યને લીધે એમના જીવનમાં વધુ ઉત્કટતા આવી.

## લોકસાહિત્ય સંગ્રહ

ગુરુજી બહાર આવ્યા. દેશનો ચીંથરેહાલ સંસાર થોડોક પણ સાધી શકાય તો તેમ કરવાના હેતુથી એમણે ક્યાંય પણ પોતાનો વ્યક્તિગત સંસાર માંડ્યો નહોતો. જેલમાંથી છૂટ્યા બાદ શું કરવું એ પણ એમણે

ઠરાવ્યું નહોતું. એવી મનઃસ્થિતિમાં તેઓ બહાર આવ્યા. જર્મનીમાં ગ્રીમ ભાઈઓએ જેમ લોકસાહિત્ય ભેગું કર્યું તેમ આપણે ય કરીએ એવું એમના મનમાં થયું. કેટલીય દંતકથાઓ, અસંખ્ય કાવ્યો લોકસાહિત્યમાં છે. એમને પોતાની મા યાદ આવી. એની પાસે આટલું જ્ઞાન ક્યાંથી આવ્યું, આટલો પ્રેમ ક્યાંથી આવ્યો ? સ્ત્રીજીવનનો ગ્રંથ કયો ? વાત્સલ્ય, બંધુપ્રેમ, પતિપ્રેમ, એ બધું સ્ત્રીઓને ક્યાંથી મળે છે ? એમનામાં સહાનુભૂતિ ક્યાંથી આવે છે ? અભણ સ્ત્રીઓને આ બધી વસ્તુઓ કેવી રીતે મળે છે ? સ્ત્રીઓની 'ઓવી' (કવિતાનો એક પ્રકાર) તરફ સાને ગુરુજીની નજર ગઈ. આ અમર, અપૌરુષેય કાવ્ય ભેગું કરવાનું એમણે વિચાર્યું. આજકાલની બહેનોને સ્ત્રીજીવનની દિવ્યતા દેખાય તે માટે એમણે આ કામ ઉપાડ્યું. એ અંગે ઠેર ઠેર તેઓ ફર્યા. ગુરુજીને સ્ત્રીઓ માટે ખૂબ માન હતું. સાને ગુરુજીની નિરંહાકર ને નિર્વિકારી મૂર્તિ જોઈને મૂંગી, શરમાળ સ્ત્રીઓને પણ વાચા ફૂટતી. પોતાની નમ્રતાને લીધે ગુરુજી સહજ રીતે બહેનો સાથે સમરસ થઈ જતા. પોતે જ્યાં જાય ત્યાંથી આ 'ઓવી'ઓ એમણે ભેગી કરવા માંડી. એમાંનું અમૃત સમું કાવ્ય બધા માણી શકે માટે એમણે એ વિશે લાંબી પ્રસ્તાવના લખીને પુસ્તકાકારે એ 'ઓવી'ઓ પ્રસિદ્ધ કરી. આવું સહૃદયી સાહિત્ય ભેગું કરીને સાને ગુરુજીએ સાહિત્યની મહાન સેવા કરી છે. કોઈ એક માણસ લગભગ બે હજાર 'ઓવી'ઓ ભેગી કરે એ કાંઈ નાનીસૂની વાત નથી. 'સ્ત્રીજીવન' નામે આ પુસ્તકના બે ખંડ પ્રસિદ્ધ થયા છે.

## વિદ્યાર્થીઓની 'મા'

૧૯૩૨ની સાલમાં આ તેજસ્વી પુરુષ ખાસ બહાર ક્યાંય દેખાતો નહોતો. ગુરુજી જાય ક્યાં ? એમણે 'સ્ત્રીજીવન' સંગ્રહિત કર્યું. પ્રથમથી જ તેઓ માતૃભક્ત હતા. આ માતૃભક્તિમાંથી જ એમનામાં માતૃભાવના વિકસી હતી. 'માતૃભાવના' એટલે બીજાને જાણવાની બુદ્ધિસમજ નાનું છોકરું બોલી શકતું નથી. પણ એને શું જોઈએ, શું ન જોઈએ એની ખબર માને પડે છે - કેવી રીતે ? પોતાની માતૃભાવનાને લીધે જ મા એ બાળક સાથે સમરસ થઈ શકે છે. એને બાળકનું અંતર સમજાય છે.

સાહિત્યસેવકની દૃષ્ટિએ પણ આ ગુણ મહત્ત્વનો છે. બીજાઓ જોડે સમરસ થયા વિના સાચું સાહિત્ય નિર્માણ ન થઈ શકે. બીજાઓના સુખદુ:ખનો અનુભવ પોતાના હૃદયથી જે કરી શકે એ સાચો સાહિત્યકાર. સાને ગુરુજી આવો અનુભવ કરી શકતા હતા. એ અનુભવમાંથી જ એમનું સાહિત્ય લખાયું અને મહારાષ્ટ્રીય લોકલાગણીને એણે આકર્ષી લીધી. માતૃભાવના હંમેશ કાર્યપ્રેરક હોય છે. સાહિત્યસેવકને જ્યારે કાર્યપ્રેરણા થવા માંડે છે ત્યારે સમજવું કે એનામાં માતૃભાવના જાગૃત થઈ છે. ૧૯૩૪ની સાલ પછી સાને ગુરુજી અજ્ઞાતવાસમાં હતા ત્યારે તેઓ પૂનામાં કેટલાક વિદ્યાર્થીઓની મા બનીને રહ્યા હતા ! ખાનદેશના કેટલાક ગરીબ વિદ્યાર્થીઓ પૂનાની કૉલેજોમાં ભણતા હતા. ગરીબાઈ એટલે શું એનો સાને ગુરુજીને બરાબર અનુભવ હતો. એ ગરીબ વિદ્યાર્થીઓ માટે સાને ગુરુજી રસોઈ બનાવતા, એમનાં કપડાં ધોતા, વાસણ ઘસતા ! અને વિદ્યાર્થીઓ માટેનાં આ કામો પૂરાં કર્યા બાદ ફુરસદનો જે વખત મળતો તેમાં ગુરુજી વાંચવા લખવાનું કરતા. આ જ સમય દરમિયાન એમણે भारतीय संस्कृति નામનો પોતાનો અપ્રતિમ ગ્રંથ કેવળ ચાર દિવસમાં જ લખ્યો ! ભારતીય સંસ્કૃતિના તેઓ મહાન ઉપાસક હતા.

## भारतीय संस्कृति

એમનો આ ગ્રંથ "भारतीय संस्कृति" મરાઠી ભાષામાં અજોડ છે. અવતરણો, વગેરેથી પોતાનું પુસ્તક ભરી ન દેતાં, સાદી, સહેલી ને સૌને સમજાય એવી રીતે એમણે એમાં ભારતીય સંસ્કૃતિની સમજણ આપી છે. भारतीय संस्कृति જીવન તરફ કઈ દૃષ્ટિથી જુએ છે એ એમાં આલેખાયું છે. સાને ગુરુજી લખે છે :

"भारतीय संस्कृति" હૃદય ને બુદ્ધિની પૂજા કરનારી છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાન એ બેના સંયોગ વડે જીવનમાં સુંદરતા લાવનારી આ संस्कृति છે. જ્ઞાન વિજ્ઞાન સાથે હૃદયનું જોડાણ કરીને સંસારમાં મીઠાશ ફેલાવવા મથતી संस्कृति છે. આ ભારતીય संस्कृति એટલે કર્મ જ્ઞાન-ભક્તિનો જીવતો-જાગતો મહિમા; શરીર, બુદ્ધિ અને હૃદય એ ત્રણેને સતત સેવાકાર્યમાં ઘસાવા દેવાનો મહિમા.

ભારતીય સંસ્કૃતિ એટલે વિશાળતા. ભારતીય સંસ્કૃતિ એટલે સત્યના પ્રયોગો. ભારતીય સંસ્કૃતિ એટલે સ્થિર ન રહેતાં સતત જ્ઞાનનો વધારો કરતાં કરતાં આગળ જવું. જગતમાં જે કાંઈ સુંદર, શિવ અને સત્ય દેખાય તે બધું લઈને વિકાસ પામનારી આ સંસ્કૃતિ છે. જગતના બધા ઋષિ-મહર્ષિઓને એ પૂજશે.જગતના સૌ સંતમહાત્માઓને એ વંદન કરશે. જગતના સૌ ધર્મસંસ્થાપકોને એ માન આપશે. કશેક પણ મહત્તા દેખાય તો ભારતીય સંસ્કૃતિ એની પૂજા કરશે ને આદરપૂર્વક, આનંદથી એનો સંગ્રહ કરશે.

ભારતીય સંસ્કૃતિ સંગ્રાહક છે. સંકુચિતતાનો વિરોધ કરનારી સંસ્કૃતિ છે. અને તેથી જ ભારતીય સંસ્કૃતિના નામોચ્ચાર સાથે જ મારું મસ્તક નમે છે. ભારતીય સંસ્કૃતિ એટલે સુમેળ. આવા પ્રકારનો મહાન સુમેળ નિર્માણ કરવા મથતી, અખિલ માનવજાતિના સમૂહને માંગલ્ય તરફ લઈ જવા ઇચ્છતી આ ઉદાત્ત સંસ્કૃતિનો જ નાનકડો ઉપાસક જન્મે જન્મે હું બની રહું એ સિવાય મારી બીજી કોઈ ઇચ્છા નથી.''

ગુરુજીની જીવનદૃષ્ટિ આવી હતી. મહારાષ્ટ્રના દરેક ભણેલાગણેલાને ભારતીય સંસ્કૃતિનું દર્શન થાય એ રીતે એમણે આ દિવ્ય ગ્રંથ લખ્યો છે. ઈશ્વરે ભારતીય સંસ્કૃતિની મૂર્તિ ઘડવાનું ધાર્યું ને એણે સાને ગુરુજીને ભારતમાં પાઠવ્યા !

## મહાસભાની સેવામાં

પછી ૧૯૩૬ની સાલ આવી. મહારાષ્ટ્ર કૉંગ્રેસ સમિતિએ કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન મહારાષ્ટ્રમાં ભરવાનું નિમંત્રણ આપ્યું હતું તેનો સ્વીકાર થયો હતો. જેમ બને તેમ વધુ સંખ્યામાં સામાન્ય સપાટીના લોકો સુધી ને ખેડૂતોમાં કૉંગ્રેસનો સંદેશો પહોંચે એવી ગાંધીજીની તીવ્ર ઇચ્છા હતી. ગામડામાં કૉંગ્રેસનું અધિવેશન ભરવાની ઇચ્છા એમણે વ્યક્ત કરી. મહારાષ્ટ્ર કૉંગ્રેસે એ ઇચ્છાને અમલી બનાવવાનું નક્કી કર્યું, ને ગામડામાં અધિવેશન ભરવાનું ઠરાવવામાં આવ્યું. ફૈઝપુર ગામ

પર પસંદગી ઊતરી. ગરીબ મહારાષ્ટ્રમાં કૉંગ્રેસમાતા આવવાની હતી ! એનું યોગ્ય સ્વાગત થવું જોઈએ. સાને ગુરુજી તે વખતે માંદા હતા, અશક્ત થઈ ગયા હતા. છતાં પણ તેઓ આવ્યા. એમની પાસે ઇચ્છાશક્તિ તો પાર વિનાની હતી. એના જોર પર એમણે શારીરિક અશક્તિને બાજુ પર હડસેલી, ને પોતે કામ માટે હાજર થયા. કૉંગ્રેસના પ્રચારાર્થે એમણે બધે ફરવા માંડ્યું. ગામડે ગામડે કૉંગ્રેસના નામનો ડંકો વાગવા માંડ્યો. કૉંગ્રેસ વિજયી ન થાય, ફૈઝપુરનો ફજેતો થાય એ માટે મહારાષ્ટ્રના કેટલાક વિઘ્નસંતોષી લોકોએ ખૂબ ધમપછાડા કર્યા. પણ સાને ગુરુજી અને મહારાષ્ટ્રના બીજા અનેક કાર્યકરોએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો, અને "ફૈઝપુર"નો "ફજેતો" થવાને બદલે ફત્તેહપુર થયું, પંઢરપુર થયું. અધિવેશનના દિવસો દરમિયાન ગુરુજીએ સફાઈકામની ટુકડીઓમાં કામ કર્યું. ફૈઝપુરની આ કૉંગ્રેસમાં સ્વાગત પ્રમુખ બનવા માટે સાને ગુરુજીને સૌએ ખૂબ આગ્રહ કર્યો; પણ નમ્રતાપૂર્વક એમણે નકાર આપ્યો. એમના હાથે ત્યાં સ્વાતંત્ર્ય જ્યોત લાવવામાં આવી. ફૈઝપુરના આ અધિવેશનમાં ઠરાવવામાં આવ્યું કે પ્રાંતોમાં ધારાસભા માટેની ચૂંટણીઓમાં કૉંગ્રેસે ભાગ લેવો. સમગ્ર હિંદુસ્તાન કૉંગ્રેસની પાછળ જ છે એ દુનિયાને એક વાર જોવા દો, એવા વિચારથી ચૂંટણીમાં ઝંપલાવવાનું નક્કી થયું. ગુરુજીએ ફરી કૉંગ્રેસનો જય પોકારી ગામડે ગામડે પ્રચારાર્થે ફરવા માંડ્યું. મહારાષ્ટ્રમાં તો કૉંગ્રેસના અનેક વિરોધીઓ હતા. કોમવાદમાં માનનારા હતા, થોડાક મૂડીવાદી ધનિકો અને પોતાને લોકમાન્ય ટિળકના અનુયાયીઓ કહેવડાવનાર 'કેસરી' ટોળકીના લોકો પણ હતા. આ બધાના વિરોધ છતાં પણ મહારાષ્ટ્રમાં કૉંગ્રેસ વિજયી નીવડી.

## કોમવાદ સામે લડત

પ્રધાનમંડળના રોજબરોજના કામમાં ગવર્નર માથું નહીં મારે એવું આશ્વાસન લઈને કૉંગ્રેસે સત્તા સ્વીકારી. પણ સંપૂર્ણ આઝાદી માટેની લડત તો હજુ હવે આવવાની હતી. લોકોને નિર્ભય બનાવવાની તક મળે એ માટે તો કૉંગ્રેસે પ્રધાનમંડળો સ્વીકાર્યાં હતાં. આગળ જતાં પ્રતિસરકાર સ્થાપીને સત્તા છીનવી લેવાની દૃષ્ટિ પણ હતી. એ સારુ

વિદ્યાર્થીઓ, ખેડૂતો, મજૂરો એ બધામાં જાગૃતિ જોઈએ, એમનાં સંગઠનો થવાં જોઈએ એમ લાગવાથી સાને ગુરુજીએ એ કાર્યમાં ઝંપલાવ્યું. કૉંગ્રેસની શક્તિ વધે એ જોવાને એમણે 'કૉંગ્રેસ' નામનું સાપ્તાહિક ૧૯૩૮ ના રાષ્ટ્રીય સપ્તાહમાં (એપ્રિલ માસમાં) શરૂ કર્યું. મહારાષ્ટ્રમાં કોમવાદ વધતો જતો હતો. કૉંગ્રેસ જ્યારે લડતમાં રોકાઈ હતી ત્યારે શાળાઓમાં કોમી સંગઠનોને ખુલ્લું ક્ષેત્ર મળી ગયું. વિદ્યાર્થી વર્ગ સ્વાતંત્ર્ય માટેની લડતથી દૂર જવા લાગ્યો. આ સ્થિતિ પલટાવવા બધે સેવાદળની શાખાઓ સ્થપાય એ માટે ગુરુજીએ ખૂબ જહેમત ઉઠાવી. ઉપરાંત મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના એક લાખ સભ્યો બને એ માટે એમણે ૨૧ દિવસના ઉપવાસ કર્યા; અને એ સમય દરમિયાન મહારાષ્ટ્રભરમાં પોતે ફરીને પ્રચાર કર્યો. કૉંગ્રેસ સાપ્તાહિક દ્વારા અનેક વિષયોની ચર્ચા તેઓ કરતા. ગાંધીજીના રચનાત્મક કાર્યનો એમણે કૉંગ્રેસ દ્વારા ઘણો પ્રચાર કર્યો. ૧૯૩૮ની સાલમાં ખેડૂતોનો પાક ધોવાઈ ગયો. મહેસૂલમાં માફી મળી નહિ. સરકાર આગળ અરજીઓ ગઈ, પણ એની કશી અસર ન થઈ. એટલે પછી સાને ગુરુજી ને અન્ય કાર્યકરોના પ્રયત્નોથી ૧૯૩૯ના સ્વાતંત્ર્ય દિને (૨૬મી જાન્યુઆરીએ) જળગાંવમાં ખેડૂતોનું સંમેલન ભરાયું. એ સંમેલન અપૂર્વ હતું. ચાળીસ પચાસ હજાર ખેડૂતો ભેગા મળ્યા હતા. પછી વિશ્વયુદ્ધ આવ્યું. પ્રધાન મંડળોએ રાજીનામાં આપ્યાં. બ્રિટિશ સરકારની નજર 'કૉંગ્રેસ' અઠવાડિક પર પડી. સરકારે એની પાસે જામીનગીરી માગી. શરૂઆતથી 'કૉંગ્રેસ' અઠવાડિક ખોટમાં ચાલતું હતું. જાહેરખબરો તો લેવાતી નહોતી. એક જ ટંક ખાઈને ગુરુજી 'કૉંગ્રેસ' માટે પૈસા બચાવતા હતા. પોતાના સાપ્તાહિક માટે અઠવાડિયામાં એક વાર તેઓ અમલનેર જઈને લોકો આગળ ભિક્ષા માગતા. એટલે આવી સ્થિતિમાં જામીન ભરવાનું તો અશક્ય જ હતું. 'કૉંગ્રેસ' સાપ્તાહિક બંધ થયું. ગુરુજી ફરી છૂટા થયા. ગાંધીજી વિચારમગ્ન હતા. વ્યક્તિગત સત્યાગ્રહની ચળવળ શરૂ થઈ હતી. વાતાવરણ ગરમ થઈ રહ્યું હતું.

## સેવાદળ અને જેલ

નાસિક જિલ્લા કૉંગ્રેસવાદી યુવકોની ઇ.સ. ૧૯૪૦ના નવેમ્બર માસમાં ચાંદવડ ગામે એક પરિષદ થઈ. એના પ્રચાર માટે ગુરુજી જિલ્લામાં બધે ફરી વળ્યા. બે તરફથી દેશ ભયમાં હતો. બહારથી પરદેશી સત્તા અને અંદરથી કોમી સંસ્થાઓ દેશને ફોલી ખાતી હતી. સેવાદળની પ્રવૃત્તિ તરફ કોઈનું જોઈએ તેવું ધ્યાન નહોતું. કાલે ઊઠીને લડત આવે તો શું ? મહારાષ્ટ્ર બીજા પ્રાંતોથી પાછળ પડે ? મહારાષ્ટ્રમાં પણ સેવાદળ સંસ્થાઓ ઠેર ઠેર ઊભી થવી જોઈએ, વિકસવી જોઈએ એમ ગુરુજીને થયું. પરિષદમાં ગુરુજીનાં તેજસ્વી ભાષણો થયાં. ત્યાં સૌ ભેગા મળેલાઓને એમણે ઝાડુની દીક્ષા પણ આપી. સેવાદળ અંગેના ઠરાવ પર તો ગુરુજી ખૂબ સુંદર, અસરકારક બોલ્યા. સેવાદળ-કામ માટેની સ્ફૂર્તિ મેળવીને, ઉત્સાહપૂર્વક સૌ પોતપોતાના સ્થાને ગયા. અને ગુરુજી પર 'વૉરંટ' છૂટ્યું. કામ અંગે ગુરુજી પ્રવાસ કરી રહ્યા હતા. વૉરંટ લઈને પોલીસ એમની પાછળ પાછળ દોડી રહી. છેવટે પેણ ગામે સાને ગુરુજીની ધરપકડ થઈ. એમને નાસિક ખસેડવામાં આવ્યા. ત્યાં આઠ દિવસ લૉકઅપમાં રહ્યા. એ નાનકડા ગાળામાં એમણે 'श्यामची पत्रे' નામનું સુંદર પુસ્તક, સેવાદળના તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવાના હેતુથી લખી કાઢ્યું. ગુરુજીને સજા થઈ. પ્રથમ નાસિક જેલમાં ને પછી ધુળિયામાં તેમને કેદ રાખવામાં આવ્યા.

ગુરુજી જેલમાં હતા ત્યારે જ વ્યક્તિગત સત્યાગ્રહ મોકૂફ રખાયો. અને ક્રિપ્સ સાહેબ વિલાયતથી મંત્રણા કરવા આવ્યા ને પાછા ગયા. સમાધાન ન થયું. લડતના ભણકારા વાગવા માંડ્યા. "અંગ્રેજો ચાલ્યા જાવ" એ જ એક માત્ર ઉપાય હોવાનું ગાંધીજીએ જાહેર કર્યું. જેલની અંદર રહ્યાં રહ્યાં ગુરુજીના મનમાં અનેક મંથનો જાગતાં. લડત માટે પોતે શું કરી શકે એની જ એમને તાલાવેલી ! તેઓ પ્રાર્થના કરતા. મુંબઈમાં અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક મળી. ગુરુજી એમાં હાજર ન રહી શક્યા, કારણ તેઓ અટકાયતમાં હતા. જોતજોતામાં તો દેશના બધા નાના મોટા આગેવાનો જેલના સળિયા પાછળ ધકેલાયા. દેશવ્યાપી

આંદોલન શરૂ થયું. ઠેર ઠેર સરકાર વિરોધી દેખાવો થવા માંડ્યા. લડતનો આરંભ થઈ ચૂક્યો. ગુરુજીને ફરી પકડવામાં આવ્યા હશે ? પણ ના ! ૧૦મી ઑગસ્ટે એમને છોડી મૂકવામાં આવ્યા; અને તરત તેઓ અદશ્ય થઈ ગયા ! અજ્ઞાતવાસમાં રહીને પોતાનાથી બનતી બધી મદદ એમણે કરી ને લડતનો જુસ્સો ટકાવી રાખ્યો. પુસ્તકો લખીને પૈસા મેળવી આપવા, કાર્યકર્તાઓ માટે રસોઈ બનાવવી, એ બધું કામ તેઓ કરતા. ૧૯૪૩ના એપ્રિલ માસમાં એમને અચાનક પકડવામાં આવ્યા. પહેલાં યરવડા જેલમાં ને પછી નાસિક જેલમાં તેમની રવાનગી થઈ. ૧૯૪૫માં તેઓ છૂટ્યા. મુક્તિ બાદ ફરી એમણે દેશાટન શરૂ કર્યું. "હિંદ છોડો"ની ૪૨ની ચળવળ દરમિયાન ઘડેલી વીરકથાઓનું સંકલન એમણે કરવા માંડ્યું. પોતાની પ્રેરણાદાયી, તેજસ્વી વાણીથી એમણે એ કથાઓ સૌને સંભળાવી. મહારાષ્ટ્રમાં જે શહીદ થયા તેમનાં સગાંઓને તેઓ મળ્યા, એ બધાને એમણે સાંત્વન આપ્યું.

## અસ્પૃશ્યતા નિવારણ કાજે

એ અરસામાં વિનોબાજીએ ક્યાંક કહ્યું, "અસ્પૃશ્યતા દૂર કરવાની વાત તો આપણે કેટલાય વખતથી કરી રહ્યા છીએ, પણ હજી સુધી કાંઈ ખાસ પ્રગતિ થઈ નથી. પારકાંને હલકા ગણનારા માણસો સ્વરાજ્ય માટે કેવી રીતે લાયક થઈ શકે ?" એમણે હરિજનકાર્યનો હિસાબ માગ્યો. ગુરુજીએ લખ્યું, "હવે આપણે આપણા મૃત્યુ વડે જ પ્રચાર કરવો જોઈએ." વિનોબાજીએ પોતાના એક મિત્રાને કહ્યું, "પંઢરપુર જવાનું મન થાય છે. હજી ત્યાંનું મંદિર હરિજનો માટે ખુલ્લું નથી થયું. તમે જાઓ પ્રચાર કરો." પેલા મિત્રે ગુરુજીને વિનંતી કરતાં લખ્યું કે મારા પ્રચારકાર્યમાં મદદ કરવા આવો. ગુરુજી વિનોબાજીનેં પોતાના ગુરુ ગણતા. ગુરુની તાલાવેલી શિષ્યે જાણી. સાને ગુરુજીએ કાર્તિકી અગિયારસને દિવસે આમરણ ઉપવાસનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. "પંઢરપુરના મંદિરના દરવાજા ન ઊઘડે તો મારાં નયનો મિટાવા દો ! હજી આપણે હરિજનોને અપનાવતા નથી. આપણને સ્વરાજ કેવી રીતે મળશે ? પંઢરપુરનું મંદિર એ ચાવી સમાન છે. એ મંદિર ખુલ્લું થાય તો સમગ્ર મહારાષ્ટ્રનાં

મંદિરો ને હૃદયમંદિરો પણ ખુલી જશે." એમ સાને ગુરુજીએ લખ્યું. પણ મિત્રોએ એમને વીનવ્યા કે, "એકદમ ઉપવાસ શરૂ કરો મા. અમને થોડી તક આપો. અમે પ્રચાર કરીશું. મહારાષ્ટ્રનું હૃદય જાગૃત છે. તક આપશો તો મંદિર ચોક્કસ ઊઘડશે. છ મહિના પ્રચાર કરીએ. ત્યાં સુધીમાં જો મંદિર ન ખુલે તો પછી ઉપવાસ કરજો." ગુરુજીએ આ વાત માન્ય રાખી અને મંદિર પ્રવેશ માટેની એમની મહાયાત્રા શરૂ થઈ. ગોવાથી માંડીને છેક નાગપુર સુધી બધે ઠેકાણે સાને ગુરુજી ફર્યા. સેનાપતિ બાપટ પણ એમની સાથે લગભગ બધે ફર્યા. ઠેર ઠેર એમણે મંદિર પ્રવેશનો પ્રચાર કર્યો. સાને ગુરુજીને કેવળ મંદિરોમાં હરિજન પ્રવેશ નહોતો જોઈતો. પણ એ નિમિત્તે હૃદયનાં દ્વાર ખુલીને બધે સમાનતા સ્થપાય એ જોવાની એમની તાલાવેલી હતી, મથામણ હતી. "ધ્યારે ધ્યારે ધ્યારે, હરિજન ઘરાંત ધ્યારે" એ પ્રસિદ્ધ કાવ્યમાં એમણે પોતાનો આ ભાવ સુંદર રીતે વ્યક્ત કર્યો છે.

મંદિર પ્રવેશ માટે મહારાષ્ટ્રમાં પ્રચંડ આંદોલન થયું. પણ છ મહિનાના પ્રચાર પછી પણ જ્યારે મંદિરના 'બડવે' લોકોએ (પૂજારીઓએ) મહારાષ્ટ્રના લોકમતને ઠોકરે ઉડાડ્યો ત્યારે આખરી ઉપાય તરીકે સંત સાને ગુરુજીએ વૈશાખી અગિયારસને દિવસે પંઢરપુરમાં પોતાના પ્રાણ હોડમાં મૂક્યા ! પંઢરપુરમાંના તનપુરે મહારાજના મઠમાં સાને ગુરુજીના આમરણ ઉપવાસ શરૂ થયા. લોકોનાં ટોળેટોળાં વિઠોબાના મંદિરે જવાને બદલે અહીં સૂતેલા પાંડુરંગના દર્શને ઊમટી પડ્યાં ! લોકોની આવી ભક્તિ જોઈને ગુરુજી પણ ભાવનાવશ બની જતા, ગંભીર બની જતા. ઈશ્વરભક્તિમાં તલ્લીન રહેતા. ગુરુજી પોતાને મળવા આવનારાઓને ભક્તિભાવે પ્રણામ કરતા. અને દસમે દિવસે જ શ્રી દાદાસાહેબ માવળંકરની દરમિયાનગીરીથી પંઢરપુરના પ્રખ્યાત વિઠોબા મંદિરના દરવાજા હરિજનો માટે ખુલ્લા થયા. બંદીખાનામાં પડેલો પાંડુરંગ સૌને માટે ખુલ્લો થયો ! દૂરથી માત્ર મંદિરના કળશને જોઈને સમાધાન માનનારા ભાવિક હરિજનો હવે વિઠોબા પાસે જઈ શક્યા. વિનોબા, તુકડોજી, ગાડગે મહારાજ જેવા સંતો માટે પણ આ દરવાજા હવે ખુલ્લા થયા.

સાને ગુરુજીના પ્રયત્નોથી પંઢરપુરનું આ વિઠોબા મંદિર હરિજનો માટે ખુલ્લું થયું એ જોઈને ગાંધીજીને ઘણો આનંદ થયો. દિલ્હીની પોતાની પ્રાર્થના સભામાં એમણે સાને ગુરુજીને અભિનંદન આપ્યાં.

## કોમવાદનો સામનો

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે સ્વરાજ્ય આવ્યું. નિરાશ્રિતોના અટપટા પ્રશ્નો આવી પડ્યા. અને ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મીએ ગાંધીજી ઉપર ગોળી છૂટી ! ગાંધીજી ગયા !! ગાંધીહત્યાથી ગુરુજીને અસહ્ય વેદના થઈ. ગાંધીહત્યાથી ગુરુજીના જીવનમાં અંધકાર છવાયો. જીવવું એમના માટે અસહ્ય થઈ પડ્યું. એક મહારાષ્ટ્રી ભાઈએ આ ખૂન કર્યાનું એમણે જાણ્યું ત્યારે તો એમને અપાર દુઃખ થયું. આ પાપનું પ્રાયશ્ચિત મહારાષ્ટ્રે કરવું જ જોઈએ એમ એમને થયું. મહારાષ્ટ્રમાં દ્વેષ ને ઈર્ષ્યાનું જે ઝેર ફેલાયું છે તે સાફ થઈ જવું જોઈએ એમ એમને લાગ્યું. કોમવાદ નષ્ટ કરવો જોઈએ એમ પણ એમણે જોયું. પરિણામે, મહારાષ્ટ્રની જીવનશુદ્ધિ અર્થે સાને ગુરુજીએ ૨૧ દિવસના ઉપવાસ કર્યા. એ જ અરસામાં એમણે કોમવાદ વિરોધી પ્રચાર શરૂ કર્યો. "કોમવાદ નષ્ટ કરો"ના નિનાદથી સમગ્ર મહારાષ્ટ્ર એમણે ગજાવ્યો. લોકોને ગાંધીજીના જીવનકાર્યનું સ્મરણ કરાવવાના હેતુથી એમણે 'કર્તવ્ય' નામનું દૈનિક શરૂ કર્યું.

## સાધના

ઈ.સ. ૧૯૪૮ની ૧૫મી ઓગસ્ટે સાને ગુરુજીએ 'સાધના' નામનું પોતાનું સાપ્તાહિક શરૂ કર્યું. પ્રથમ અંકમાંજ આત્મનિવેદનમાં એમણે લખ્યું :

"સ્વરાજ્ય આવ્યું. ગાંધીજીએ ગયા વર્ષે કહ્યું, 'સ્વરાજ્ય આવ્યું એમ કહે છે, પણ મને તો એ દેખાતું નથી.' ભાઈ ભાઈનાં ગળાં કાપે - એ શું સ્વરાજ્ય ? સ્વરાજ્ય એટલે શું માણસાઈનો અસ્ત ? સંસ્કૃતિને તિલાંજલિ ? સ્વરાજ્યનાં મહાન સાધનો વડે આપણે સ્વાતંત્ર્યને પોષવાનું છે, વિકસાવવાનું છે; સંસ્કૃતિ સમૃદ્ધ બનાવવાની છે. એ સારુ અખંડ

સાધના જોઈએ. જીવનનાં બધાં ક્ષેત્રોમાં, સર્વ પ્રકારના વ્યવહારમાં સાધકની વૃત્તિથી જ વર્તવાની મથામણ કરવી જોઈએ. એને જ પુરુષાર્થ કહે છે.

આપણા દેશમાં અનેક પ્રાંતો, અનેક ભાષાઓ, અનેક જાતિ-ઉપજાતિઓ, અનેક ધર્મોનો સંગમ છે. આજે જો આપણે સાચી સંસ્કૃતિ વિકસાવવા માગતા હોઈએ તો એક બીજા સાથે હળીમળીને, એકબીજા આગળ નમતું જોખીને જ વર્તવું પડશે. વેરબુદ્ધિનો અભાવ અને વિષમતાનો નાશ એ રામરાજ્યનાં બે લક્ષણો છે. સ્વરાજ્યનાં આ બંને લક્ષણો આપણે સંપૂર્ણપણે સિદ્ધ કરવાં પડશે.''

અને એમનું ''સાધના'' સાપ્તાહિક બધે સહૃદયતા અને ગરીબો માટે પ્રેમ ફેલાવતું હતું. દેશના વિવિધ પ્રશ્નોની માહિતી એમાં આપવામાં આવતી. ગુરુજીની વાર્તાઓ એમાં હોય. બાળકો માટે ''બાળકોની વાડી''માં ગુરુજી આવે. 'સુંદર પત્રો'ની મહેફિલ પણ એમાંથી જ જાણવા મળતી. 'આન્તરભારતી'નો પરિચય પણ આ 'સાધના' દ્વારા જ થવા લાગ્યો. કેટલાયે મહાન લોકોની વર્ષગાંઠો 'સાધના' એ ઊજવી ! ભારતમાતા જોડે પણ એમાં મુલાકાત થતી. મહારાષ્ટ્રના જીવનમાં માંગલ્ય નિર્માણ કરવાનું કાર્ય સાને ગુરુજીનું 'સાધના' સાપ્તાહિક કરી રહ્યું હતું.

પોતાના જીવન કાર્ય વિશે સાને ગુરુજીએ 'સાધના'ના છેલ્લા એક અંકમાં લખ્યું છે : ''લખવું એ મારો કાંઈક સ્વધર્મ છે ખરો - પણ એ મારી જીવનવ્યાપી વૃત્તિ નથી. કલમના લાલિત્ય કરતાં ઝાડુના લાલિત્યનો હું ઉપાસક છું. કેટલાક વિચારો લોકોમાં ફેલાવવાની ઝંખનાથી જ હું 'સાધના' ચલાવું છું. હું એ દ્વારા, સાહિત્યસેવા કરતાં નાનકડી જીવનસેવા કરી રહ્યો છું.''

બીજે એક ઠેકાણે એમણે લખ્યું છે કે : ''જીવનનો હું નમ્ર ઉપાસક છું. આજુબાજુની સમગ્ર દુનિયા સુખી ને સમૃદ્ધ થાય, જ્ઞાનવિજ્ઞાનસંપન્ન ને કલામય બને, સામર્થ્યસંપન્ન ને પ્રેમમય બને એ જ મારી ઝંખના ને તાલાવેલી છે. મારું લખાણ અગર વક્તવ્ય, મારા વિચારો અગર મારી પ્રાર્થના એ બધું આ એક જ ધ્યેય માટે હોય છે.''

## સાને ગુરુજી - એક ભારતીય દૃષ્ટિ

સાને ગુરુજી એ કાંઈ વ્યક્તિ નહોતા. ગાંધીજીની માફક એમનું જીવન સંસ્થાઓ સાથે સંકળાયેલું નહોતું. સાને ગુરુજી એટલે કેવળ પાર્થિવ શરીર તો નહીં જ, કારણ હજારો લોકો "સાને ગુરુજી અમર રહેંગે"ની બૂમો નકામી પાડતા નહોતા. તો પછી સાને ગુરુજી એટલે શું ? ગાંધી ટોપી, ખાદીનું ધોતિયું, નહેરુ શર્ટ, પગમાં સાદી ચંપલ અને હાથમાં એક ઝોળી એવા વેશમાં ગુરુજીનાં દર્શન હવે આપણને કોઈ દિવસ નહીં થાય. ગુરુજી એટલે જીવન તરફ જોવાની એક ભારતીય દૃષ્ટિ ! સહિષ્ણુતા એ ભારતીય જીવનદૃષ્ટિનો આત્મા છે. સાને ગુરુજી જેટલી સહિષ્ણુતા, પારકાંનું દૃષ્ટિબિંદુ જાણવાની વૃત્તિ બીજે ક્યાંય ખાસ જોવા નહીં મળે. 'સાધના' પ્રેસના કારીગરોને ઉદ્દેશીને લખેલા પત્રમાં એમણે કહ્યું : "તમારા બધા સાથે જાણે મારે બહુ જ પાસેનું સગપણ હોય એમ હું અનુભવું છું. તમને કોઈને કદી ત્રાસ ન થાય, કોઈનું મન ન દુઃખાય, પોતે કેવળ નોકર છે એમ કોઈને ન લાગે એમ મને થયાં કરે છે." આવી પરમસહિષ્ણુતાથી જ સાને ગુરુજીની ગુણગ્રાહકતા જન્મી હતી. રાજકારણના દાવપેચમાં વિરોધી પક્ષનો માણસ કદી ન કરે એવી વસ્તુઓ ગુરુજી ઉઘાડેચોક કરતા. આદિવાસીઓના કાર્ય અંગે લખતાં, મુંબઈના વડાપ્રધાન બાળાસાહેબ ખેરનો તેઓ ગૌરવપૂર્વક ઉલ્લેખ કરતા, અને સરદાર વલ્લભભાઈના જન્મદિને 'ભારતના પોલાદી પુરુષ' ને પણ તેઓ અભિવાદન કરતા. સાને ગુરુજી પાસે આવી ઉદારતાની દૃષ્ટિ હતી. એથી જ એમની વૃત્તિ પક્ષીય રાજકારણથી દૂર હતી. સમાજવાદી પક્ષને પોતાનો ટેકો આપવા છતાં ય સાને ગુરુજીને વૃત્તિ તો પક્ષાતીત જ હતી. એમનો સેવાભાવ અનોખો હતો, અજોડ હતો. ઉપરછલ્લું, દેખાવ પૂરતું સેવાકાર્ય એમને ગમતું નહોતું. સહજપ્રાપ્ત સેવામાં એમને આનંદ થતો, અને એ સેવા પણ એમના હાથે સહજ રીતે થતી. મુંબઈમાં દાદરમાં 'મેઘાભુવન'માં જે ઓરડીમાં પોતે રહેતા એની સફાઈ તેઓ જાતે કરતાં. ત્યાંનું જાજરૂ, ચોકડી પોતે હાથે સાફ કરતા. ઓરડીમાં રહેતા અન્ય સાથીદારોમાંથી કોઈ માંદું પડ્યું તો તરત પોતે જ એની

માવજત કરતા. વળી પોતે રસોઈ બનાવીને દરદીને તથા બીજાંઓને પ્રેમપૂર્વક જમાડતા. ચા પીધા પછી કપ-રકાબી એમ ને એમ પડી રહેલાં જુએ તો સાને ગુરુજી સહજ રીતે એ વીંછળી જ નાખે ! એમણે કોઈ દિવસ પોતાનાં કપડાં બીજાને ધોવા આપ્યાં નથી. પોતાનાં કપડાં હંમેશ પોતે જ ધોતા. જમ્યા બાદ પોતાની થાળી માંજીને સ્વચ્છ બનાવતા. ગાંધીજીમાં ને ગાંધીજીના કાર્યમાં ગુરુજીને પાર વગરની નિષ્ઠા હતી. મુંબઈમાં હોય ત્યારે તેઓ તકલી પર ને રેંટિયા પર કાંતતા. એને તેઓ નિત્યયજ્ઞ માનતા. પરિશ્રમની પ્રતિષ્ઠા એમના મનમાં બરાબર ઠસી હતી. મહેનત કરનારાઓ માટે એમના હૃદયમાં મોટું સ્થાન હતું. ગુરુજી જેટલી ભાવનામય મીઠાશ બીજે ક્વચિત્ જ જોવા મળશે. ગુરુજી એટલે જાણે સદ્ભાવ સાગર ! અદ્વૈતનો અનુભવ પામવાને એમનું મન સતત મથામણ કરતું હતું. એમને મન માણસ એટલે પ્રભુનું જ રૂપ હતો.

## કોરા કાગળનું વાંચન

ગુરુજીના હૃદયમાં મહારાષ્ટ્રની બે આધુનિક વિભૂતિઓ માટે ખૂબ માનભર્યું સ્થાન હતું. એ બે વિભૂતિઓ તે આચાર્ય વિનોબાજી ભાવે અને સેનાપતિ બાપટ. વિનોબાજી ને ગુરુજીનો સંબંધ ધુળિયા જેલમાં થયો. પોતે જાણે અનેક જન્મોના સોબતી ન હોય એવું એમને બન્નેને થતું ! ગુરુજી દૂર રહ્યા રહ્યા પ્રકાશ લેતા, પ્રત્યક્ષ નજીક ખાસ જતા નહિ. એમના સંકોચી સ્વભાવને લીધે તેઓ દૂરના દૂર જ રહેતા. વિનોબાજી હંમેશ એમને બોલાવે. ગુરુજી લખતા કે, "હું વર્ધા આવીશ; પણ તમને ખબર ન પડે એવી રીતે તમને જોઈશ ને ચાલ્યો જઈશ." ગુરુજીને મળવા વિનોબાજી અધીરા બનતા. તેઓ ગુરુજીને કાગળ લખતા. ગુરુજી મૂંઝાય કે વિનોબાજી જેવાને હું શું લખું ? તેઓ જવાબ ન મોકલે. એક વાર વિનોબાજીએ એમને લખ્યું, "પારકા માણસને આપણા સારુ અદ્ધર રાખવો એ પણ હિંસા જ છે." તો પણ ગુરુજીનો જવાબ ન મળે ! એટલે પછી વિનોબાજીએ માત્ર કોરો કાગળ મોકલ્યો ! એમાં એટલું જ લખ્યું હતું કે "વિનોબાના સપ્રેમ પ્રણામ." ગુરુજીને પત્ર મળ્યો. જેમ જ્ઞાનેશ્વરે ચાંગદેવનો કોરો કાગળ વાંચ્યો તેમ સાને ગુરુજીએ વિનોબાજીનો આ

કોરો કાગળ વાંચ્યો ! એનો એમણે જવાબ પણ મોકલ્યો. ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ પછી વિનોબાજી છૂટ્યા ત્યારે એમણે ગુરુજીને ધુળિયા જેલમાં એક હૃદયસ્પર્શી કાગળ મોકલ્યો હતો. વિનોબાજીએ લખ્યું :

"શ્રી ગુરુજી,

તમે ઘણું કરીને હજી મંદિરમાં હશો. અમને તો હાલ ધક્કા મારીને બહાર કાઢવામાં આવ્યા છે. એનું શું કરવું તે તો જોઈશું. પણ તમારું સ્મરણ કેટલી વાર અને કેટલી તીવ્રતાથી થાય છે એ હું શબ્દોમાં કેવી રીતે વર્ણવું ?.. તમારું ને મારું હૃદય એકરૂપ છે. અનેક જન્મોના આપણે સોબતી છીએ. કોઈ પણ જાતના ભેદ-કલ્પનાના, સમયના, ને સ્થળના - આપણને અલગ નહિ પાડી શકે. તો પછી મળવાની તાલાવેલી શા સારુ ? પણ કોઈ કોઈ વાર થાય છે ખરી. અને આ જ મારી માનવતા. દુર્બળ પણ સરળ, પ્રેમાળ અને સીધી સાદી..."

વિનોબાજીનો પ્રેમ એ પોતા પર મોટો ઉપકાર છે એમ ગુરુજીને થતું. ગુરુજીના 'સાધના'માં "વિનોબાજીની પાવન વાણી" એ ખાસ વિભાગ હતો. મહારાષ્ટ્રને વિનોબાજીનો ગાઢ પરિચય ગુરુજીએ કરાવ્યો. મૃત્યુ પહેલાં બધું સમેટી લેતાં સાને ગુરુજીએ જે થોડાક કાગળો લખી રાખ્યા હતા એમાં એમના છેલ્લા શબ્દો છે : "પૂજ્ય વિનોબાજીનું સ્મરણ." વિનોબાજી પર એમની આવી અપાર શ્રદ્ધા હતી.

સેનાપતિ પાંડુરંગ મહાદેવ બાપટ વિશે પણ સાને ગુરુજીને આવો જ પ્રેમ ને આદર હતાં. સેનાપતિના સમગ્ર ગ્રંથ માટે ગુરુજીએ ખૂબ સુંદર પ્રસ્તાવના લખી હતી. "સ્નાન કરીને બધો મેલ દૂર કરીને" તેઓ પ્રસ્તાવના લખવા બેઠા. ૧૯૪૦ સાલની એક વાત છે. ડિસેમ્બરમાં ગુરુજીની ધરપકડ થઈ અને એમને નાસિક જેલમાં મોકલવામાં આવ્યા. સેનાપતિ પણ ત્યાં અટકાયતમાં જ હતા. પણ માથાના દુઃખાવાને લીધે હૉસ્પિટલમાં પડી રહ્યા હતા. ગુરુજી એમને ત્યાં મળવા ગયા. જઈને એમણે તો સેનાપતિનો ચરણસ્પર્શ કર્યો. સેનાપતિ તરત બેઠા થયા. એ બે પાંડુરંગોની મુલાકાત અવિસ્મરણીય હતી. ગુરુજીની નમ્રતા અને સેનાપતિની આત્મીયતા એમાં વ્યક્ત થતી હતી.

"પોતાને ઘેર જાઓ છો. ખરું ?" સેનાપતિએ પૂછ્યું.

ગુરુજીએ હા પાડી.

"બી ક્લાસ માગજો."

"તાત્યા, તમે કેમ નથી માગતા ?"

"હું માગીને શું કરું ? સી ક્લાસના મિત્રો સાથે મારો વખત તો ઝડપથી પસાર થઈ જાય છે, તમને બી ક્લાસ મળે તો તમે કાંઈક લખી શકશો પણ ખરા."

વર્ષો બાદ, પંઢરપુરના વિઠોબા મંદિરનાં દ્વાર હરિજનો માટે ખૂલે એ સારુ ગુરુજીએ આમરણ ઉપવાસ જાહેર કર્યા ત્યારે સેનાપતિને દુ:ખ થયું. એમણે ગુરુજી પાસેથી છ મહિનાની મુદત માગી લીધી અને મંદિર પ્રવેશના પ્રચારાર્થે સેનાપતિ નાગપુરથી ગોવા સુધી લગભગ બધે ગુરુજી સાથે ફર્યા. ગુરુજી પર સેનાપતિનો ખૂબ ભાવ હતો.

ગુરુજીના જીવનમાં આ મહાન વ્યક્તિઓ એકદમ આવી ને એમણે ગુરુજીનું હૃદય સંપાદન કર્યું. આવા મહાન પુરુષોના સ્મરણ માત્રથી સાને ગુરુજી સમાધિમય બની જતા. ગાંધીજી, સેનાપતિ, વિનોબાજી એમના ફોટાઓ ગુરુજી આગળ મૂક્યા હોય તો ગુરુજી એની સામે જોવાને બદલે આંખો મીંચી દઈને એ ફોટાઓ પર હાથ રાખતા, ને જાણે એ મહાન પુરુષ પાસે જઈ આવતા ! ફોટાના બાહ્ય સૌંદર્ય કરતાં પણ એ મહાન પુરુષોનાં જ દર્શન એમના હૃદયને, તે વખતે થતાં.

## ભાવનાના સાગર

ગુરુજીના મનમાં ભાવનાનાં અનેક મોજાં ઊછળતાં હતાં. ભાવનારૂપી મોજાં પર ગુરુજીનું જીવન ડોલતું. પણ એમની ભાવનાઓ ઉછાંછળી નહોતી. એ કાંઈ કેવળ તરંગો નહોતા. ઘડીકમાં કોઈ તરંગ જાગ્યો ને પછી ઊડી ગયો એવું એમનું નહોતું. એમની ભાવનાઓ, એક સ્થળે લખ્યું છે તેમ, "Condensed Thought" ઘન વિચારો જેવી હતી. એથી એ ભાવનાઓ વિચારોથી ભિન્ન સ્વરૂપની નહોતી. એમની લાગણીઓ એટલે બુદ્ધિનું જ વ્યક્ત સ્વરૂપ. એમની બુદ્ધિ ને એમનું

હૃદય બન્નેનો નિર્ણય હંમેશ એક જ હોય. તેથી સાને ગુરુજીના દરેક લખાણમાં, દરેક ભાષણમાં એક પ્રકારનું સામર્થ્ય જોઈ શકાતું હતું. એમના લખવા પાછળ આત્મબલિદાનની ભાવના દેખી શકાતી હતી. એ પ્રમાણે તેઓ વર્તતા પણ ખરા.

વિનોબાજીએ લખ્યું કે, "સાહિત્ય તો એમણે ખૂબ જ લખી રાખ્યું છે. છતાં પણ તેઓ કદી પોતાને સાહિત્યકાર માનતા નહોતા. લખ્યા વિના, બોલ્યા વિના રહેવાતું નહોતું માટે તેઓ લખતા, બોલતા. દીનદરિદ્રો માટેનો તલસાટ એમની પાસેથી સાહિત્ય લખાવતો હતો." આ કારણે જ ગુરુજીના સાહિત્યમાં ટીકાકારોને કલાતંત્ર ન દેખાયું. આમ છતાં, ગુરુજીની લેખનશૈલીમાં એક પ્રકારનું ઓજસ હતું, અને લેખનમાંના તંત્ર કરતાંયે આ ઓજસ જ લોકોનાં મન એમની તરફ આકર્ષતું. વાચક કદી પણ લેખનતંત્ર તરફ જોતા નથી. એ લખાણમાં ઓજસ દેખાય તો એ સાહિત્ય ખભે ચડાવીને નાચે છે. ગુરુજીનાં કાવ્યો પણ કેટલીક વાર તંત્ર વિનાના, કાવ્યનિયમો વિનાનાં લખાતાં. પણ એ કાવ્યોમાં અપાર પ્રેરક શક્તિ જણાતી. એ એમના અંતરના બોલ હતા, અને એમની હૃદયવીણાના સૂર નીકળતાં જ મહારાષ્ટ્રના લાખો યુવાનોના હૈયાંમાં એ સૂરના પડઘા પડતા ! ગુરુજીના કાવ્યો લોકોને ખૂબ ગમ્યાં અને યુવાનોને તો મોંઢે થઈ ગયાં; એનું પણ આ જ કારણ છે. એમની કલમમાં જે પ્રાસાદ છે તે બીજા કોઈ પણ કવિની કવિતાઓમાં જણાતો નથી. એટલે સંગીતની દષ્ટિએ એમાં તાલમાધુર્ય ઓછું હોય તો પણ એમની કવિતાઓ લોકપ્રિય નીવડી. એમનાં કાવ્યોમાં ભાવાત્મકતા હતી.

સાને ગુરુજીએ જે સાહિત્યસંપત્તિ મહારાષ્ટ્રને અર્પણ કરી છે એમાં યુવાનોનાં, બાળકોનાં જીવન પરિપુષ્ટ કરવા માટે ઉપયોગ થાય એવું સાહિત્ય જ ઘણું છે. ગુરુજીને ઈશ્વરની લગની હતી. હિમાલય જતા રહેવાનું પણ પહેલાં એમને ઘણીવાર મન થતું. એક વાર એમણે વિનોબાજીને લખેલું પણ ખરું કે, "ક્યાંક ભગવાન મેળવવા બેસી જવાનું મન થાય છે." ત્યારે વિનોબાજીએ જવાબમાં લખ્યું, "ક્યાં જશો ? તીર્થક્ષેત્રોનું પાવિત્ર્ય તો રહ્યું નથી; અને ઈશ્વર આપણી આજુબાજુ ક્યાં

નથી ? આપણી આસપાસના લોકો એ જ પરમેશ્વર એવી મારી ભાવના ન હોત તો હું ક્યારનો ય હિમાલય પહોંચી ગયો હોત." અને ગુરુજીએ પોતાની આસપાસ ઈશ્વર શોધ્યો. દીનદલિતોમાં, મહેનત મજૂરી કરનારાઓમાં, સ્ત્રીઓમાં એમને ઈશ્વરનાં દર્શન થયાં. નાનાં બાળકોમાં રહેલ પરમેશ્વર એમણે જોયો. અને "જે માણસ બાળકોનું મનોરંજન કરશે એનો સંબંધ પ્રભુ સાથે બંધાશે" એમ કહીને એમણે કલમ હાથમાં લીધી. મહારાષ્ટ્ર-શારદાના મંદિરમાં થતી બાળકોની અક્ષમ્ય ઉપેક્ષા એમણે અટકાવી. મરાઠી ભાષામાંના બાળ તથા કુમાર સાહિત્યમાં સાને ગુરુજીનું સ્થાન અજોડ છે. મહારાષ્ટ્રનાં બાળકો એમનાં ખૂબ ઋણી છે. પણ 'મા'નો ઉપકાર તે કદી કોઈ માને ?

## ગુરુજીની માંગલ્યનિષ્ઠા

સાને ગુરુજી સાચા અર્થમાં લોકશાહીવાદી હતા; કારણ પારકાના સ્વાતંત્ર્યની એમને કિંમત હતી. તેઓ બીજાને સ્વાતંત્ર્ય આપનારા હતા. પોતાના મિત્રોને તેઓ હંમેશા કહેતા, "તમે શાના લોકશાહીવાદી ? તમે તો સૌની ઉપર બધું ઠોકી બેસાડો છો ! હું સાચો લોકશાહીવાદી છું. હું સ્વાતંત્ર્ય આપનારો છું." અને સાને ગુરુજી કેવળ લોકશાહીવાદી જ નહિ પણ લોકશાહીના સંરક્ષક પણ હતા. માંગલ્યનિષ્ઠા એ એમનો સ્વભાવ હોવાથી, માણસમાત્રના સારાપણા પર તેઓ હંમેશ વિશ્વાસ રાખતા. દરેક વ્યક્તિ આખરે તો માંગલ્ય શું તે ઓળખે છે, અને એ માંગલ્ય તરફ એ વ્યક્તિ જાય છે પણ ખરી એવી શ્રદ્ધા જેનામાં નથી એ માણસ લોકશાહીનો ઉપાસક બની જ નહિ શકે. લોકશાહી એટલે કાંઈ ચૂંટણીઓ નહિ. લોકશાહી એટલે આ મૂળભૂત માંગલ્યનિષ્ઠા. સમાજમાં સૌનું સ્થાન સરખું હોવું જોઈએ, સામાજિક ને આર્થિક વિષમતા સમાજમાં ન હોવી જોઈએ એવી ઝંખના આ પ્રકારની માંગલ્યનિષ્ઠામાંથી જ જન્મે છે. સાને ગુરુજીમાં આવી ઝંખના ખૂબ જણાતી હતી, અને તેથી જ તેઓ લોકશાહીના સંરક્ષક હતા. ભારતમાં હવે લોકશાહીનો વ્યાપક પ્રયોગ થવાનો છે. સાને ગુરુજી પાસે જે માંગલ્યનિષ્ઠા, ઉદારતા ને સહિષ્ણુતા હતી એ આપણે આપણા જીવનમાં ઊતારીશું તો જ ભારતમાં

લોકશાહી વિકસશે, ચિરકાળ ટકશે. એને માટે જરૂરી એવી પક્ષાતીત વૃત્તિ સાને ગુરુજીમાં હતી. ખરું જોતાં ગુરુજી રાજકારણી હતા જ નહિ. છેવટ સુધી તેઓ શિક્ષક જ રહ્યા. એમના જીવન તરફ જોઈએ તો તેઓ 'ગુરુજી' હતા એ જ ભાવના દૃઢ થાય છે.

## સ્વરાજ પછી

સ્વરાજ આવ્યું; પણ ગરીબાઈ દૂર ન થઈ, સમાનતા ન સ્થપાઈ. સાને ગુરુજી આથી અસ્વસ્થ રહેતા. કોઈ વાર ચીડાઈને ટીકા પણ કરતા. પીડિતજનો માટેની એમની આસ્થા એમને સ્વસ્થતાથી બેસવા જ ન દે ! દેશમાં જે દારિદ્ર છે, દુઃખ છે એ જો દૂર ન કરી શકાય તો જીવીનેય શું કરવાનું ? એના કરતાં તો એ બધાનો વિરોધ કરીને મરી જવું વધારે સારું એમ એમને લાગ્યાં કરતું. છતાં તેઓ કામ કરતા રહ્યા. વિદ્યાર્થીઓ ને શિક્ષકોએ રાજકારણમાં ભાગ ન લેવો એવો એક હુકમ મુંબઈ સરકારે ૧૯૪૯ની આખરમાં બહાર પાડ્યો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સ્વતંત્રતા પર તરાપ મારનારા આ હુકમના વિરોધમાં સાને ગુરુજીએ પોતાના જન્મદિન, ૨૪મી ડિસેમ્બરથી આમરણાંત ઉપવાસ શરૂ કરવાનો નિર્ણય જાહેર કર્યો. પણ, તે અગાઉ, ૨૨મી ડિસેમ્બરે જ સરકારે પોતાનો હુકમ પાછો ખેંચી લેતાં, ગુરુજીના ઉપવાસ બંધ રહ્યા.

ભાષાવાર પ્રાંતરચનાનો પ્રશ્ન લંબાયો. પરિણામે પ્રાંતની સરહદો અંગે ઝઘડા નિર્માણ થવા લાગ્યા. પ્રાંત પ્રાંત વચ્ચેનો સદ્‌ભાવ ઓછો થવા લાગ્યો. ડાંગના પ્રશ્ન ઉપર મહારાષ્ટ્રી-ગુજરાતી ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું. બીજી બાજુ બેલગામ, કારવાર તરફ કન્નડ-મહારાષ્ટ્રી એકબીજાનો દ્વેષ કરવા લાગ્યા. પ્રાંતીયતાનું આ ઝેર ભારતની સ્વતંત્રતા માટે હાનિકારક નીવડવાનો ભય ઊભો થયો. સાને ગુરુજીને લાગ્યું કે પ્રાંતો વચ્ચે પરસ્પર સદ્‌ભાવ હોય તો જ ભારત સામર્થ્યસંપન્ન બને. એ સારુ એકબીજાની ભાષાઓ આપણે શીખી લેવી જોઈએ, એકબીજાના રિવાજો જાણી લેવા જોઈએ. પરસ્પર પરિચય વધવો જોઈએ. વૈવિધ્યમાં પણ જે ઐક્ય છે એનો અનુભવ કરવો જોઈએ. અને આવો સંબંધ વધારવાના હેતુથી એમણે "આન્તરભારતી" સંસ્થાની સ્થાપના કરવાનું

નક્કી કર્યું. મુંબઈ પાસે થોડીક જગ્યા લેવાનું વિચારાયું. આ કામ માટે લોકમત કેળવવા તથા નાણાં ભેગાં કરવા સારુ એમણે પ્રચારકાર્ય પણ શરૂ કરેલું. બેલગામ, ધારવાડ, ગડગ, હુબળી, કારવાર વગેરે વિભાગોમાં તેઓ ફરી આવ્યા. થોડા ઘણા પૈસા પણ તેમણે ભેગા કર્યા.

## આત્મવિલોપન

પરંતુ સાને ગુરુજી અસ્વસ્થ હતા ! એમણે સતત પોતાના જીવન વડે સમાજને સંભાળવાનો પ્રયત્ન પૂરતો નથી થતો એમ લાગવાથી, અને હવે તો આત્મબલિદાન વડે જ સમાજને ચેતવીને જરૂરી માર્ગ બતાવવો જોઈએ એવું એમને લાગવાથી મુંબઈમાં રવિવાર, તા. ૧૧મી જૂન, ૧૯૫૦ને રોજ પરોઢમાં એમણે પોતાની જીવનજયોત બૂઝાવી નાખી.

હવે ગુરુજી આપણામાં દેહરૂપે નથી. પણ એમની યાદ આપણને પ્રેરણા પાતી રહેશે. વળી, આપણા માર્ગદર્શન માટે પોતાનું સાહિત્ય પણ તેઓ મૂકતા ગયા છે. અંગ્રેજીમાં એક ઠેકાણે લખ્યું છે કે, one who touches this book touches a man જે આ ગ્રંથનો સ્પર્શ કરે છે તે એક માનવીને, એના હૃદયને સ્પર્શે છે. સાને ગુરુજીના સાહિત્ય માટે પણ આવું જ કહી શકાય. એમનું સાહિત્ય એ જ એમનો સંદેશો. એ સંદેશા પ્રમાણે જો આપણે આપણાં જીવન ઘડીશું તો ગુરુજીના આત્માને સંતોષ થશે. ■ ■ ■

## સાને ગુરુજીની જીવનગાથા અમર છે, આલ્હાદક છે, અખંડ પ્રેરણા આપનારી છે.

સાને ગુરુજી સહુના હતા, સહુ એમનું સાંનિધ્ય ઝંખતા હતા. ગુરુજી પોતે સહુને ચાહતા હતા, 'સર્વ જન સુખાય' અને 'સર્વ જન હિતાય' એમણે આખી જિંદગી પુરુષાર્થ કર્યો. આજીવન અવિવાહિત રહેલા પાંડુરંગ સદાશિવ સાને આધુનિક ભારતમાંના પરતંત્ર અને સ્વતંત્ર રાષ્ટ્ર-સમાજને, અને એમાંની દરેક વ્યક્તિના કલ્યાણ સાથે અવિરત સંલગ્ન રહીને મથામણ કરતા, કામ કરતા, સર્વત્ર હરતા ફરતા રહ્યા !

આ અર્થમાં, સાને ગુરુજી કેવળ મહારાષ્ટ્રના નહોતા, સમગ્ર ભારતના-બલકે વિશ્વવ્યાપી માનવસમાજના હતા.

ગુરુજીને નાનાં ભૂલકાં ખૂબ વહાલાં; સામાન્ય જનો માટે એમને ભારે આસ્થા; "जे का रंजले गांजले" (જે કોઈ દીન-દુઃખિયા) એવાઓ માટે ગુરુજીને અપાર આત્મીયતા ! જગતમાં અને જીવનાં ચોતરફ અને બધે જે જે સુંદર, મંગલ, પવિત્ર, સાચકલું હોય એ બધાંને સાને ગુરુજી હરખભેર આલિંગન આપતા, અને પોતાની વાણી-વર્તણૂક-કલમ વડે સર્વ સ્થળે આ માંગલ્યની મીઠાશ ફેલાવતા. સાને ગુરુજીનું હૃદય બાળકો જેવું નિર્મળ, નિષ્પાપ, નિર્દોષ હતું, બાળકો એકાએક હસવા માંડે છે. અને એકદમ રડવા લાગે છે અને અચાનક રીસાઈ જાય છે - એમાં કશું કારણ કે કપટ હોતું નથી, જીવનપ્રવાહની સ્વાભાવિકતાનાં અને સરળતાનાં મોજાં એમાં ઉછાળા મારતાં હોય છે. સાને ગુરુજીનું પણ એવું જ રહ્યું. માટે જ, બાળકોને પણ તેઓ ખૂબ ગમતા !

સાને ગુરુજી એટલે જાણે માતા, શિક્ષક અને માર્ગદર્શકનો ત્રિવેણી સંગમ ! માતાની વત્સલતા, શિક્ષકની વિદ્વતા તથા ચારિત્ર્યશીલતા, અને માર્ગદર્શકનો ઉત્કટ તેમ ઊંડો અનુભવ-આ બધું ગુરુજીમાં હતું. એનો એમણે રાતદિવસ અને ચોવીસે કલાક ઉપયોગ કર્યો, અને હજારો તથા લાખ્ખો નહીં બલકે અક્ષરશઃ અસંખ્ય મનુષ્યોનાં મન સ્પર્શ્યાં, સ્વચ્છ કર્યાં, સાત્ત્વિક બનાવ્યાં અને અર્થપૂર્ણ એવાં સજાવ્યાં.

સાને ગુરુજીનો જીવનપ્રવાહ એટલે સ્વાભાવિકતાનું, સચ્ચાઈનું, સહૃદયતાનું સતત વહેતું ઝરણું-એમાં કોઈ પણ વ્યક્તિ તરી શકે, ડૂબકી મારે, ભીની થાય; દરેકને એવી ખાતરી કે, એ ડૂબી નહીં જાય ! ઊલટું, પોતે વધુ સ્વચ્છ બનીને તરી જશે, તેમ પોતાની આસપાસનાં અન્ય જનો પણ ! સાને ગુરુજીની આ શક્તિ અદ્‌ભુત હતી, કદી નિષ્ફળ ન જાય એવી અચૂક હતી. બહુ જ થોડા જાહેર કાર્યકર્તાઓમાં આવી સાત્ત્વિકતા જોવાની તથા અનુભવવા મળે છે. તેથી જ, સાને ગુરુજી મહાન, સંત, અમર !

ગુરુજીને વાર્તાઓ કહેવાનો ભારે શોખ, અને બાળગોપાળોને એ સાંભળવાનો પણ જબરો છંદ ! સાને ગુરુજીના જીવનમાં કથા અને વાર્તા, કહાણી અને પ્રસંગ, સંસ્મરણો અને અનુભવો એ બધાંનો એકધારો અને ઊંચે ઊંચે ધસમસતો-વહેતો-પાવન કરતો ધોધ અખંડ ચાલુ હતો; એનું સતત પાન-આચમન કરનારા અસંખ્ય લોકો મહારાષ્ટ્રમાં અને ભારતમાં ઠેર ઠેર પ્રસરેલા છે એમાં શી નવાઈ? 'સાને ગુરુજી કથામાલા'નો ઉગમ એમાંથી જ થયો, અને સાડા ચાર પાંચ દાયકાથી 'કથામાલા'નું કાર્ય મહારાષ્ટ્રમાં તથા અન્ય સ્થળોએ નિરંતર ચાલુ છે. ૧૯૭૬ની સાલમાં 'કથામાલા'ના ૧૭મા અધિવેશન નિમિત્તે તે અમદાવાદમાં અને ગુજરાતમાં પણ શરૂ થયું એ સરસ !

સાને ગુરુજીને જોવાનો, મળવાનો યોગ તો મારા જેવાઓને મળ્યો જ, પણ ગુરુજી સાથે ગાઢ અને આત્મીયતાનો સંબંધ પણ, સદ્ભાગ્યે, મને પ્રાપ્ત થયો. માતાપિતા ઉપરાંત જે થોડા માનવ-દેવતાઓએ મને પ્રકાશ તથા પ્રેરણા આપ્યાં અને આપી રહ્યાં છે તેમાં સાને ગુરુજીનું સ્થાન સ્વાભાવિક જ ખૂબ મોટું અને પ્રથમ હરોળમાં છે ! સાને ગુરુજીનો હું સદાને માટે ઋણી છું, હરહંમેશ કૃતજ્ઞ છું. સાને ગુરુજીની જીવનગાથા ત્રણ બાબતોમાં નિત્ય ઘણી પ્રેરક છે - તાલાવેલી, મથામણ અને બીજ રોપવાની પ્રવૃત્તિ !"पेरते रहा" "पेरते रहा" એમ તેઓ વારંવાર કહેતા. એટલે કે, "સારાં બીજ વાવતા રહો" એમ તેઓ અવારનવાર સહુને કહેતા - સમજાવતા રહ્યા. આ ત્રણેય મૂલ્યવાન વૃત્તિ-પ્રવૃત્તિથી આપણાં સહુનાં વ્યક્તિગત જીવન સમૃદ્ધ અને સંસ્કારસભર થતાં રહે તો ભારતમાં લોકશાહી અને સમાનતા નજીકના ભાવિમાં અવશ્ય ફૂલશે-ફાલશે એમાં શંકાને લગીરે સ્થાન નથી.★

---

★"સાને ગુરુજી કથામાલા"નું ૧૭મું અધિવેશન અમદાવાદમાં મળ્યું તે પ્રસંગે 'સ્મરણિકા' માટે મરાઠીમાં ખાસ લખેલ લેખનું રૂપાંતર, ૨૦ જાન્યુઆરી ૧૯૭૬ને રોજ લખેલ સદર ગુણસંકીર્તનનો અનુવાદ ૨૦ જાન્યુઆરી ૧૯૯૯ને રોજ કર્યો એ કેવો સુયોગ !

- પુ. ગ. માવળંકર

13021
6-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

# ભારતીય સંસ્કૃતિ

ભારતીય સંસ્કૃતિ હૃદય ને બુદ્ધિની પૂજા કરનારી છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાન એ બેના સંયોગ વડે જીવનમાં સુંદરતા લાવનારી આ સંસ્કૃતિ છે. જ્ઞાન વિજ્ઞાન સાથે હૃદયનું જોડાણ કરીને સંસારમાં મીઠાશ ફેલાવવા મથતી સંસ્કૃતિ છે. આ ભારતીય સંસ્કૃતિ એટલે કર્મ-જ્ઞાન-ભક્તિનો જીવતો-જાગતો મહિમા; શરીર, બુદ્ધિ અને હૃદય એ ત્રણેને સતત સેવાકાર્યમાં ઘસાવા દેવાનો મહિમા.

ભારતીય સંસ્કૃતિ એટલે વિશાળતા. ભારતીય સંસ્કૃતિ એટલે સત્યના પ્રયોગો. ભારતીય સંસ્કૃતિ એટલે સ્થિર ન રહેતાં જ્ઞાનનો વધારો કરતાં કરતાં આગળ જવું. જગતમાં જે કાંઈ સુંદર, શિવ અને સત્ય દેખાય તે બધું લઈને વિકાસ પામનારી આ સંસ્કૃતિ છે. જગતના બધા ઋષિ-મહર્ષિઓને એ પૂજશે. જગતના સૌ સંતમહાત્માઓને એ વંદન કરશે. જગતના સૌ ધર્મ સંસ્થાપકોને એ માન આપશે. કશેક પણ મહત્તા દેખાય તો ભારતીય સંસ્કૃતિ એની પૂજા કરશે ને આદરપૂર્વક આનંદથી એનો સંગ્રહ કરશે.

ભારતીય સંસ્કૃતિ સંગ્રાહક છે. સંકુચિતતાનો વિરોધ કરનારી સંસ્કૃતિ છે.અને તે... ભારતીય સંસ્કૃતિના નામોચ્ચાર સાથે જ મારું મસ્તક ન...
સુમેળ. આવા પ્રકારનો મહાન સુમે...
માનવજાતિના સમૂહને માંગલ્ય ...
સંસ્કૃતિનો જ નાનકડો ઉપાસક જ...
...ઈ ઈચ્છા નથી.''

- સાને ગુરુજી

Library IIAS, Shimla
GJ 891.474 B 469 S
00130211
SABARMATI ASHRAM
000911 Ahmedabad
SANE GURUJI GUJ.
MRP : Rs. 10